**આફત જોખમ વ્યવસ્થાપન કાર્યક્રમ**

# તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજના

## અંતર્ગત

# તાલુકા કક્ષાના અધિકારીઓ માટે આફત વ્યવસ્થાપનને લગતી કાર્યપધ્ધતિઓ

**ગૃહ મંત્રાલય, ભારત સરકાર,**

**અને**

**ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ**

**અને**

**સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ**

# અનુક્રમણિકા


| અ.નં. | તાલુકા કક્ષાના અધિકારી–વિભાગનું નામ | પાના નંબર |
|---|---|---|
| ૧ | મામલતદાર / તાલુકા વિકાસ અધિકારીશ્રી | ૩ |
| ૨ | પોલીસ ઈન્સપેકટર/પોલીસ–સબ–ઈન્સપેકટર | ૭ |
| ૩ | આરોગ્ય : મેડીકલ ઓફીસર | ૯ |
| ૪ | નાયબ કાર્યપાલક ઈજનેર (પાણી પુરવઠા) | ૧૧ |
| ૫ | નાયબ કાર્યપાલક ઈજનેર (સિંચાઈ) | ૧૩ |
| ૬ | નાયબ કાર્યપાલક ઈજનેર (માર્ગ અને મકાન) (રાજ્ય અને પંચાયત) | ૧૫ |
| ૭ | નાયબ કાર્યપાલક ઈજનેર ( જી.ઈ.બી.) | ૧૭ |
| ૮ | જે.ટી.ઓ. ટેલીફોન | ૨૦ |
| ૯ | ખેતી નિરીક્ષક | ૨૩ |
| ૧૦ | પશુપાલન અધિકારી/નાયબ પશુપાલન નિયામક/મદદનીશ પશુપાલન નિયામક | ૨૬ |
| ૧૧ | મેનેજર (એસ.ટી.ડેપો) | ૨૯ |
| ૧૨ | બંદર અધિકારી | ૩૩ |
| ૧૩ | જંગલ અધિકારી (રેન્જ ફોરેસ્ટ ઓફીસર) | ૩૭ |

# તાલુકા કક્ષાના અધિકારીઓ માટે આફત વ્યવસ્થાપનને લગતી કાર્યપધ્ધતિઓ

## [૧] મામલતદાર / તાલુકા વિકાસ અધિકારી

### (અ) આફત સિવાય–શાંતિના સમયમાં કરવાની કામગીરી :–

1. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનાના ભાગરૂપે મહેસુલ–પંચાયત વિભાગનો પોતાના કાર્યક્ષેત્રનો તેમજ તાલુકાનો સંકલિત અલાયદો પ્લાન તથા સંશાધનોની વિગતો તૈયાર કરશે. તાલુકા ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરતી વખતે / અદ્યતન કરતી વખતે નીચેની બાબતોનો કાળજીપૂર્વક સમાવેશ થાય તે અંગે ચોકસાઈ રાખવી.

(ક) તાલુકામાં આફતની શકયતાવાળા વિસ્તારો દર્શાવતો નકશો, તાલુકાનો ઈતિહાસ, ભૌગોલિક સ્થિતિ, વ્યવસાયીક માહિતી, વસવાટ પધ્ધતિ, વરસાદ, સિંચાઈ, તથા ઉદ્યોગો ઈત્યાદિ વિગતો.

(ખ) તાલુકામાં આફત સમયે આફતની શકયતાવાળા વિસ્તારોના સલામત માર્ગ દર્શાવતો નકશો.

(ગ) તમામ ખાતાઓના મુખ્ય અધિકારીઓ, સ્ટાફ, વાહનો તથા મકાનોની વિગત.

(ઘ) કંટ્રોલરૂમની વ્યવસ્થાની વિગતો.

(ચ) મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીઓના સ્ટાફ તથા અન્ય સ્ટાફ વડે બનાવેલ જૂથોની વિગત (નોડલ ઓફીસર્સ)

(છ) તાલુકામાં અનાજ સંગ્રહસ્થાન સ્થળોની વિગતો તથા વ્યાજબી ભાવના દુકાનદારોની વિગત.

(જ) તાલુકાના વાહન, બોટ તથા અન્ય મોટા સાધનોની વિગત.

(ઝ) ગામેગામ ચેતવણી પહોંચાડવા માટેનું વ્યવસ્થાતંત્ર.

(ટ) તાલુકા ડીઝાસ્ટર મેનેજમેન્ટ કમીટીની વિગતો તથા કાર્યપધ્ધતિની વિગતો.

(ઠ) તાલુકાની સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્વયંસેવી જૂથોની વિગતો.

(ડ) કંટ્રોલ રૂમની કુશળ કામગીરી, સંકલન તથા ઓપરેશન માટે વિવિધ તાલુકા અધિકારીઓ તથા ડીપાર્ટમેન્ટની તાલીમ

(ઢ) તમામ તાલુકા કક્ષાના સ્ટાફની પોતાના હેડ કવાર્ટરમાં ફરજિયાત હાજરી

(ણ) આફતનો ભોગ બની શકે તેવા મીઠાના અગરો તથા મત્સ્ય ઉદ્યોગોમાં રોકાયેલા વ્યકિતઓ વિશેની માહિતી તથા મીઠાના અગરો ચલાવતા ઉદ્યોગપતિઓ સાથે તાત્કાલિક સંપર્ક સાધવાની પૂર્વ વ્યવસ્થા.

(ત) ફલડ કંટ્રોલ રૂમ ઈન્ચાર્જની વિશેષ નિમણૂંક.

(થ) આફત વિશ્લેષણ, આફત ઋતુચક્ર, આફતની શકયતાઓ અને સમીક્ષા, આફતનો ઈતિહાસ.

(દ) જોખમની શકયતાની સમીક્ષા, નુકસાનની શકયતા ધરાવતા ઘટકો તથા જોખમો, પ્રતિક્રિયા માટેની યોજના, સંશાધનોની માહિતી તથા સાધનોની ઉપયોગિકતા.

(ધ) આફત વ્યવસ્થાપનની વ્યૂહરચના.

2. ગામ તથા તાલુકાની આપત્તિ વ્યવસ્થાપન યોજના (VDMP & TDMP) વર્ષમાં બે વખત અદ્યતન કરવી.

3. વી.ડી.એમ.પી.માં સમાવિષ્ટ કરેલ ગામ દીઠ સલામત આશ્રય સ્થાનોની સ્થિતિ ગામની મુલાકાત વખતે ચકાસવી અને જરૂર જણાય તેવા કિસ્સામાં સ્થાનિક તંત્ર, ઉપલબ્ધ નાણાંકીય સ્ત્રોત કે સ્વૈચ્છિક સંગઠનો ઈત્યિાદી સાથે સંકલન કરી મરામત કરાવવા.

4. આશ્રય સ્થાનો ઉપર પહોંચવાના રસ્તાઓની મરામત વિકાસની જુદી જુદી યોજનાઓ સાથે સંકલન કરી કરાવવું.

5. નિચાણવાળા વિસ્તારો, નદી, વાંકળા, દરીયાકાંઠાના વિસ્તારોમાં રહેતાં આર્થિક રીતે નબળા, સામાજિક અને આર્થિક રીતે પછાત કે જેઓ મકાન વિહોણા હોય તેમને સલામત વિસ્તારમાં સરકારશ્રીની ઈન્દીરા આવાસ, સરદાર આવાસ કે અન્ય કોઈ આવાસ યોજનામાં ગુણદોષ આધારિત સમાવિષ્ટ કરી લાભાન્વીત કરવા.

6. સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના અથવા તો અછત રાહત કામના ભાગરૂપે વરસાદી પાણીના નિકાલ માટે તથા જળ સંગ્રહ માટે આવશ્યકતા અનુસાર વિકાસ કાર્યક્રમો હાથ ધરવા.

7. ગરીબી નિર્મૂળનને લગતા તથા સ્વ–રોજગારી પૂરી પાડતી વિવિધ ખાતાઓની યોજનાઓનો લાભ જરૂરીયાત મંદોને મળે તે માટે સંકલન કરવું.

**(બ) ચેતવણી મળતાં કરવાની કામગીરી :–**

1. તાલુકા આફત વ્યવસ્થાપન સમિતિની બેઠક નાયબ કલેકટરશ્રી અથવા મામલતદારશ્રીના અધ્યક્ષસ્થાને બોલાવી પરિસ્થિતિની સમીક્ષા કરશે.

2. આફતની શકયતાના સંદર્ભે કયા અધિકારી તેમજ ખાતાએ શું કાર્યવાહી કરવી તે અગે કાર્ય વહેંચણી કરશે તથા સમીક્ષા કરી સંકલન કરશે.

3. આફતની શકયતા મુજબ ચેતવણી માટેના વ્યવસ્થાતંત્રને સજાગ કરી કાર્યરત કરશે અને ચેતવણીનો સંદેશો ગ્રામ્ય કાર્યદળના સભ્યો, સરપંચ, તલાટી, મુખ્ય શિક્ષક ઈત્યાદિ માધ્યમો ધ્વારા સમયસર છેવાડે વસતા માનવી સુધી પહોંચે તે જોશે.

4. ૨૪ કલાક કંટ્રોલ રૂમ ખોલી જવાબદારીની વહેંચણી કરશે.

5. તમામ કર્મચારીઓને તેમના સ્થળો ઉપર હાજર રહેવા સૂચના આપી ગોઠવણ કરશે.

6. સૌથી વધુ પ્રાથમિકતા ધરાવતાં વિસ્તારો માટે માઈક અને સાઉન્ડ સીસ્ટમવાળા વાહનો તાત્કાલિક મોકલશે.

7. આકસ્મિક સંજોગોમાં શોધ, બચાવ અને સ્થળાંતર જે કંઈ સાધનો, માનવ સંપદાનો ઉપયોગ કરવાનું જરૂરી જણાય તે મુજબ સંપર્ક કરી જરૂરી વ્યવસ્થા કરશે.

8. કાયમી આફતનો ભોગ બનતા સ્થળો – વિસ્તારોમાં તાત્કાલિક સબ ઝોનલ કર્મચારી / ઝોનલ અધિકારીઓને તેમના ટી.ડી.એમ.પી., વી.ડી.એમ.પી.ના નિશ્ચિત રૂટ ઉપર શોધ, બચાવ, સ્થળાંતર અને રાહત કામગીરી માટે ટીમોને પૂરતી માહિતી સાથે રવાના કરશે.

9. સમયસર ચેતવણી આપ્યા બાદ ખાલી થતા વિસ્તારના લોકો માટે કામચલાઉ આશ્રય સ્થાનો ખોલશે.

10. જરૂરીયાત જણાયે દૂરના સ્થળોએ લોકોને ખસેડવા ખાનગી વાહનો મુકશે.

11. ચેતવણી આપવા છતાં સ્થળાંતર માટે તૈયાર ન થતાં લોકોને જરૂર પડયે બળ પૂર્વક સલામત સ્થળે ખસેડવા કામગીરી હાથ ધરશે.

12. કામચલાઉ આશ્રય સ્થાનો / રાહત શિબિરો ઉપર ખોરાક, પીવાનું પાણી, અને દવાઓની વ્યવસ્થા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ, દાતાઓ, ઉદ્યોગ ગૃહોની મદદથી કરશે.

13. રાહત કામગીરી માટે સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ, ઔદ્યોગિક ગૃહો, દાતાઓનો સંપર્ક કરી આગોતરી તૈયારી રાખશે.

14. શોધ, બચાવ અને રાહત કામગીરી માટે નાણાંકીય જરૂરીયાતના અંદાજો કાઢી જિલ્લા તંત્ર પાસેથી મેળવવાની ગોઠવણ કરશે.

**(ક) આફત પછીની કામગીરી :–**

1. આફતનો ભોગ બનેલા ગામો – વિસ્તારો અલગ તારવી ગ્રામ્ય કાર્યદળોને સક્રિય કરશે.
2. રાહત સંકલન અને તાત્કાલિક રાહત વિતરણની કામગીરી કરશે, અને નુકસાનીના અંદાજ મેળવવા માટેના માહિતીના નમૂના અગાઉથી બનાવી તમામ કર્મચારીઓને તેની સમજ આપવા ગોઠવણ કરશે.

3. નુકસાનીના અંદાજ પ્રમાણે રાહત ચૂકવણી અંગેના સરકારશ્રીના નીતિ નિયમો અને ધોરણો અંગે ટુકડીના સભ્યોને સ્પષ્ટ સમજ આપશે.

4. રાહત સામગ્રીની આડેધડ વહેંચણી ન થાય અને જરૂરીયાત મંદો રાહતથી વંચિત ન રહી જાય તે અંગે યોગ્ય કાર્યવાહી કરશે.

5. સરકારી રાહતની રકમો, વસ્તુઓની વહેંચણી માટે ગામે ગામ અને તાલુકા કક્ષાએ પારદર્શક વ્યવસ્થાતંત્ર ગોઠવશે.

6. આવશ્યકતા જણાય તેવા અને તેટલા પ્રમાણમાં રાહત રસોડા / રાહત કેમ્પોમાં જરૂરી ચીજવસ્તુઓ, પીવાનું પાણી વિગેરે પહોંચાડવાની વ્યવસ્થા કરશે.

7. નુકસાનનો પ્રાથમિક અંદાજ મેળવશે.

8. જિલ્લા તંત્ર / કંટ્રોલ રૂમ સાથે સંપર્ક સાધી નુકસાનની સાચી વિગતોથી માહિતગાર કરશે.

9. ફસાઈ ગયેલા લોકો માટે તાલીમ પામેલ પોલીસ કર્મચારીઓ અથવા પુરના સંજોગોમાં તરવૈયાઓનો ઉપયોગ કરી બચાવ કામગીરી હાથ ધરશે.

10. નુકસાનીના પ્રાથમિક અહેવાલો મુજબ બચાવ કામગીરી માટે વધુ વાહનો અને સારવાર માટે કાર્યાન્વિત થયેલા કામચલાઉ અને કાયમી દવાખાનાઓમાં ખસેડવા કાર્યવાહી હાથ ધરશે. જે માટે એન.સી.સી., હોમગાર્ડસ, સ્થાનિક પોલીસ, પેરા મીલીટરી ફોર્સ વિગેરેની ગોઠવણ કરશે.

11. મૃત્યુ પામેલા લોકોની ઓળખ અને મૃતદેહોની કાનુની કાર્યવાહી ન થાય ત્યાં સુધી સુયોગ્ય રીતે જાળવણીની વ્યવસ્થા કરશે.

12. નુકસાન સર્વે માટે ટેકનીકલ કર્મચારી સહિતની ટીમોને નુકસાન સર્વેની કામગીરી સોંપી તાત્કાલિક કામગીરી હાથ ધરશે.

13. આફત પછીના સમયમાં લોકોને પોતાના વિસ્તારમાં પરત જવા માટે વ્યવસ્થા કરશે.

# [૨] પોલીસ ઈન્સપેકટર/પોલીસ–સબ–ઈન્સપેકટર

**(અ) આફત સિવાયની / શાંતિના સમયમાં કરવાની થતી કામગીરી :–**

1. એક તાલુકામાં એક થી વધારે પોલીસ સ્ટેશન હોય તેવા સંજોગોમાં તાલુકાના હેડ કવાર્ટરના પોલીસ ઈન્સપેકટર/પોલીસ–સબ–ઈન્સપેકટરે નોડલ ઓફીસર તરીકે આપત્તિ વ્યવસ્થાપનને લગતાં કામનું સંકલન કરશે. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનાના ભાગરૂપે પોલીસ ખાતાને લગતો પોતાના કાર્યક્ષેત્રનો તેમજ તાલુકાનો સંકલિત અલાયદો પ્લાન તથા સંશાધનોની વિગતો તૈયાર કરશે. જેમાં **નીચેની બાબતનો સમાવેશ** થાય તે જોશે.

   (ક) તાલુકાના તાબા હેઠળના તમામ સ્ટાફના સંપર્કની વિગતો.

   (ખ) તાલુકાના તાબા હેઠળના મકાનો, વાહનો તથા સાધનોની વિગતો તથા કોન્ટ્રાકટરો અને તેમના ધ્વારા ઉપયોગમાં લેવાતા વાહનો અને સાધનોની વિગતો.

   (ગ) તાલુકાના તાબા હેઠળના વિસ્તારોના નકશાઓ અને આંકડાકીય માહિતી.

   (ઘ) આફત સમયે ઉપયોગી થાય તેવા સંશાધનો, અને માનવ સંપદા અંગેની વિગતો સંકલિત કરવી.

   (ચ) તાલુકાના પોલીસ તંત્રના તમામ સ્ટાફ તથા નિવૃત્ત અધિકારી / કર્મચારીઓ અને કંટ્રોલ રૂમની વિગતો સંકલિત કરવી.

   (છ) તાલુકાના તમામ સ્ટાફ, કંટ્રોલરૂમ ઓપરેશનની વિગતો.

   (જ) કંટ્રોલરૂમમાં નોડલ ઓફીસરની નિમણૂંક.

   (ઝ) આફતગ્રસ્ત વિસ્તારો તરફના વાહન વ્યવહારની જાળવણીને લગતી વિગત.

   (ટ) અસામાજિક તત્વોની વિગતો.

   (ઠ) રાહત છાવણીઓ તથા અનાજ સંગ્રહ સ્થાનો ઉપર સલામતીની વ્યવસ્થા.

   (ડ) મામલતદારને તાલુકાના કાળા બજારીયાઓ ઉપર નિયંત્રણ તથા પગલાં માટે મદદ.

   (ઢ) રાહત – સામગ્રીના આવન જાવનની સલામતી.

   (ણ) માનવ–મૃત્યુ માટે જરૂરી ત્વરીત પોલીસ કાર્યવાહી.

   (ત) આફત ગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોની હીજરત માટે જરૂરી વ્યવસ્થાતંત્રમાં મદદ.

   (થ) તમામ સ્ટાફને આફતો અંગેની સામાન્ય સમજ તથા આવા સમયની પ્રાથમિકતાઓની સમજ.

   (દ) સંદશાવ્યવહારના પૂરતા તથા આધુનિક યંત્રો.

   (ધ) તરવૈયાઓની યાદી સમાવવી.

   (ન) તાલુકામાં ઉપલબ્ધ વાયરલેસ સ્ટેશન તથા અન્ય સંદશા વ્યવહારના સંશાધનોની વિગત.

2. આફત વ્યવસ્થાપન યોજનાના સંબંધકર્તા ભાગને અદ્યતન કરવો.
3. આફતના સમયમાં પોલીસ કંટ્રોલ રૂમ ઈન્ચાર્જની નિમણૂંક કરવી.
4. આફતગ્રસ્ત વિસ્તારો તરફના વાહન વ્યવહારની જાળવણી કરવી.

**(બ) આફતની ચેતવણી મળતાં કરવાની થતી કામગીરી :–**

1. સ્થાનિક મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીશ્રીનો સંપર્ક કરશે.
2. શોધ અને બચાવ માટેનો એકશન પ્લાન અમલમાં મુકવા આગોતરી તૈયારી કરશે.
3. બચાવ અને રાહત કામગીરી માટે વાહનોની ઉપલબ્ધી આવશ્યકતા અનુસાર કરાવશે.
4. આફત ગ્રસ્ત વિસ્તારોમાં શોધ અને બચાવ કામગીરી માટે પોલીસ જવાનોની ઉપલબ્ધી કરાવવા માટે પ્લાન તૈયાર કરશે.
5. ચેતવણી માટે જે કંઈ જરૂરીયાત ઉભી થાય તે મુજબ ઉપલબ્ધ સંદશા વ્યવહારના તમામ સાધનોનો / વાહનોનો ઉપયોગ કરી આફત સામેની ચેતવણી છેવાડાના ગામ / માનવ સુધી પહોંચાડવામાં સક્રિય ભૂમિકા ભજવશે.
6. વાહનોના રેકવીઝીશન માટે જિલ્લા તંત્ર / તાલુકા લાયઝન અધિકારી કે મામલતદાર ધ્વારા રેકવીઝીશનના હુકમો મળે કે તુરત જ હુકમ બજવણી કરી વાહનો રેકવીઝીટ કરવાની કાર્યવાહી કરશે.

**(ક) આફત પછી કરવાની થતી કામગીરી :–**

1. આફત ગ્રસ્ત વિસ્તારોમાં ચોરી, લૂંટફાટ ન થાય તે માટે કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસ બંદોબસ્ત ગોઠવશે.
2. શોધ અને બચાવ કામગીરીમાં પોલીસ દળના જવાનો, એન.સી.સી. કેડેટસ, ગ્રામ રક્ષક દળ, સ્થાનિક ગ્રામ્ય કાર્યદળના સભ્યો અને સેવાભાવિ વ્યકિતઓ વિગેરે સાથે સંપર્ક–સંકલન કરી મુખ્ય ભૂમિકા ભજવશે.
3. રાહત છાવણીઓ તથા અનાજ / રાહત સામગ્રીના સંગ્રહ સ્થાનો ઉપર સલામતીની વ્યવસ્થા ગોઠવશે.
4. રાહત સામગ્રીના વિતરણ વખતે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. અને કોઈ અનિચ્છિનીય બનાવ ન બને તે માટે પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવશે.
5. આફત ગ્રસ્ત વિસ્તારમાંથી સલામત સ્થળે આફતનો ભોગ બનેલાને ખસેડવા માટે વ્યવસ્થાતંત્રને મદદરૂપ થશે.
6. આફતને કારણે મૃત્યુ પામેલા વ્યકિતઓના મૃતદેહનું પોસ્ટ મોર્ટમ કરવા સહિતની નિયમાનુસારની કાર્યવાહી ઝડપથી થાય અને અંત્યેષ્ટિ ત્વરીત થાય તે માટે ઘટતી વ્યવસ્થા ગોઠવશે.

# [૩] આરોગ્ય : મેડીકલ ઓફીસર

## (અ) આફત સિવાયના / શાંતિના સમયમાં કરવાની થતી કામગીરી :–

1. તાલુકા ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરતી વખતે / અદ્યતન કરતી વખતે આરોગ્ય વિભાગે કરવાની કાર્યવાહીના સંદર્ભ પૂરતી નીચેની બાબતોનો કાળજીપૂર્વક સમાવેશ થાય તે અંગે ચોકસાઈ રાખવી.

   (ક) આરોગ્યને લગતો આપત્તિ વ્યવસ્થાપનનો અલગ પ્લાન તૈયાર કરવો.

   (ખ) મુખ્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપર કંટ્રોલરૂમમાં માહિતીની આપ–લે માટે સદ્રઢ વ્યવસ્થા.

   (ગ) નોડલ ઓફીસરની નિમણૂંક

   (ઘ) જીવન–બચાવવા માટે અત્યંત જરૂરી એવી તથા અન્ય મહત્વની દવાઓ, જંતુનાશક દવાઓ, તથા રોગચાળા પ્રતિરોધક રસીની આગોતરી વ્યવસ્થા.

   (ચ) એમ્બ્યુલન્સ, જીપ, જનરેટરો તથા અન્ય સાધનોની કાર્યક્ષમ પરિસ્થિતિ જાળવણી.

   (છ) ઈમરજન્સીના સંજોગોમાં સ્ટાફના જૂથ બનાવી જવાબદારીઓની વહેચણી કરવી.

   (જ) ખાનગી તબીબી સુવિદ્યાઓ / ડોકટરોની યાદી.

   (ઝ) રોગ–મોજણીની સદ્રઢ ગોઠવણી.

   (ટ) મોબાઈલ યુનીટોની વ્યવસ્થા

   (ઠ) આફત સમયે ગામોમાં સ્થળ ઉપર તબીબી સેવાઓ માટે યોગ્ય સ્થળોની જાણકારી.

   (ડ) લોકોમાં આફત સમયે જરૂરી માહિતી – વિતરણ.

   (ઢ) તમામ સ્ટાફને આફત–કામગીરી માટેની પ્રાથમિકતાઓની જાણકારી.

   (ણ) મનુષ્યોનો રોગચાળો તથા પશુઓનો રોગચાળો ફેલાતો અટકાવવા PHC/CHC ના સ્ટાફની તાલીમ તથા તેમનાં કાર્યોનું પૂર્વ આયોજન.

   (ત) રકતદાતાઓના બ્લડ ગૃપ મુજબ યાદી તૈયાર કરશે. જેમાં રકતદાતાના સંપર્ક ટેલીફોન નંબર, સરનામા વગેરે વિગતોનો સમાવેશ થશે.

2. આફત વ્યવસ્થાપન માટે આરોગ્ય કર્મચારીઓ / અધિકારીઓમાં સંવેદનશીલતા અને જાગૃતતા લાવવા ખાસ કાર્યક્રમો ઘડી કાઢવા.

3. ગ્રામ્ય કાર્યદળના સભ્યોને પ્રાથમિક સારવારને લગતી તાલીમ આપવી તથા માહિતગાર કરશે.

4. તબીબી સારવાર માટેના ખાસ કરીને આપત્તિ વ્યવસ્થાપનના સંદર્ભમાં ઉપયોગમાં લઈ શકાય તેવા સાધનોની ઉપલબ્ધિ માટેની કાર્યયોજના તૈયાર કરશે.

5. રાજય સરકારની જુદી જુદી એજન્સીઓ–યોજનાઓનો સમન્વય કરી પ્રાથમિક સારવાર માટેના ખૂટતા સાધનો તથા આવશ્યકતાઓને પહોંચી વળવા સંકલન કરશે.

6. આરોગ્ય વિભાગના – પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઈત્યાદિના એમ્બ્યુલન્સ, જીપ, જનરેટરો તથા અન્ય સાધનો ચાલુ સ્થિતિમાં રહે તે જોશે.

## (બ) આફતની ચેતવણી મળતાં કરવાની થતી કામગીરી :–

1. સંભવિત આફતનો પ્રકાર ધ્યાને લઈ જરૂરીયાત જણાય તેવી મહત્વની દવાઓ, જીવન રક્ષક દવાઓ, જંતુનાશક દવાઓ ઈત્યાદિની ઉપલબ્ધિ બાબતે ખાતરી કરી જરૂર જણાય તો વધારાનો જથ્થો મેળવવા માટે જિલ્લા તંત્રનો સંપર્ક કરી ઉપલબ્ધ કરશે.
2. તાલુકા કક્ષાએ મધર પી.એચ.સી. ઉપર ૨૪ કલાક કાર્યરત કંટ્રોલ રૂમ ચાલુ કરશે.
3. આરોગ્ય કર્મચારીઓને આપત્તિ વ્યવસ્થાપનના પ્લાન મુજબ પોતાના કાર્યક્ષેત્રમાં ફરજો બજાવવા માટે મોકલી આપશે.
4. મોબાઈલ યુનિટોને કાર્યરત કરશે.
5. સ્થાનિક ડોકટર્સ તથા સ્વૈચ્છિક સંસ્થાઓનો સંપર્ક કરી ઈમરજન્સી કામગીરી માટે મદદ મેળવવા પૂર્વ તૈયારી કરશે.
6. જિલ્લા / તાલુકા કંટ્રોલ રૂમ સાથે જીવંત સંપર્ક સ્થાપિત કરશે.
7. તૈયાર કરેલ યાદીને આધારે રકતદાતાઓનો સંપર્ક કરી રકતદાન કરાવવા માટે પૂર્વ તૈયારી રાખશે.

## (ક) આફત પછી કરવાની થતી કામગીરી :–

1. આફતનો ભોગ બનેલા પૈકી ઈજા ગ્રસ્તોને પ્રાથમિક સારવાર અપાવી ગંભીર ઈજાના કિસ્સાઓમાં નજીકના દવાખાને સઘન તબીબી સારવાર મળે તેવી ગોઠવણ કરશે.
2. આફતગ્રસ્ત વિસ્તારોમાં જરૂરી દવાઓનો પૂરતો જથ્થો તાત્કાલિક પહોંચાડશે.
3. આફતગ્રસ્ત વિસ્તારમાં વધારાનો આરોગ્ય સ્ટાફ ફરજ ઉપર ગોઠવશે.
4. આફતગ્રસ્ત વિસ્તારમાં રોગચાળો ફેલાય નહી તે માટે પૂરતા અને વ્યાપક પ્રમાણમાં જંતુનાશક દવાઓનો છંટકાવ સ્થાનિક લોકભાગીદારીથી સમયસર કરશે.
5. પીવાના પાણીના સ્ત્રોતોની ચકાસણી કરી પીવાના પાણીની શુધ્ધતા અંગે ખાતરી કરાવશે.
6. મોબાઈલ યુનિટો કાર્યરત કરી સ્થળ ઉપર પ્રાથમિક સારવાર આપવા ગોઠવણ કરશે.
7. આરોગ્ય કર્મચારીઓ મારફતે ઘરે–ઘરે મુલાકાત લઈ કલોરીન ટેબ્લેટ અને અન્ય આવશ્યક દવાઓનું જરૂરીયાત અનુસાર વિતરણ કરાવશે.
8. ગંભીર જણાય તેવા ઈજાના કેસો વધુ સુસજજ સિવિલ હોસ્પીટલ ઈત્યાદિ સ્થળોએ ખસેડશે.
9. મૃતકોના પી.એમ. માટે નિયમોનુસારની કાર્યવાહી સત્વરે પૂરી કરશે.

# [૪] નાયબ કાર્યપાલક ઈજનેર (પાણી પુરવઠા)

## (અ) આફત સિવાયના / શાંતિના સમયમાં કરવાની થતી કામગીરી :–

તાલુકા ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરતી વખતે / અદ્યતન કરતી વખતે પાણી પુરવઠા વિભાગે કરવાની કાર્યવાહીના સંદર્ભ પૂરતી નીચેની બાબતોનો કાળજીપૂર્વક સમાવેશ થાય તે અંગે ચોકસાઈ રાખવી.

(ક) કચેરી ખાતે કંટ્રોલરૂમ અને કંટ્રોલરૂમ ઓપરેટરની વ્યવસ્થા.

(ખ) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી અથવા અન્ય અધિકારીની નોડલ–ઓફીસર તરીકેની જવાબદારી સોંપવી.

(ગ) તાલુકાના તમામ ગામોમાં પીવાના પાણીની હયાત વ્યવસ્થાઓની વિગતવાર માહિતી.

(ઘ) તાત્કાલિક ધોરણે આપી શકાય એવી કામચલાઉ વ્યવસ્થાની વિગતો–સરકારી તથા ખાનગી ટેન્કરો અને પાણીના સ્ત્રોતોની વિગતો.

(ચ) પાણીથી થતાં રોગો અટકાવવા માટે સાવચેતીના પગલાં તથા પીવાના પાણીની કલોરીનેશન માટેની કાર્યપધ્ધતિ.

(છ) આફતગ્રસ્ત વિસ્તારોમાં પીવાના સ્વચ્છ પાણીની પ્રાપ્તિની વ્યવસ્થા.

(જ) તમામ સ્ટાફને આફતની જાણકારી તથા ઈમરજન્સીના સમયની જવાબદારીઓ અને પ્રાથમિકતાઓ અંગે જાણકારી.

## (બ) આફતની ચેતવણી મળતાં કરવાની થતી કામગીરી :–

1. પીવાના પાણીના સ્ત્રોતોની ચકાસણી કરવા ટીમો પાડી કાર્યવાહી હાથ ધરશે.
2. આફતના સંજોગોમાં પીવાના પાણીના વિતરણની વ્યવસ્થામાં વિક્ષેપ થાય તો વૈકલ્પિક ગોઠવણ માટેનો કન્ટીજન્સી પ્લાન તૈયાર કરશે.
3. પીવાના પાણીના ટેન્કર્સ સ્ટેન્ડ બાય રાખશે.
4. આફતને કારણે વિજળી ખોળવાઈ જાય તે શકયતા ધ્યાને રાખી ડી.જી. સેટસ ધ્વારા વિજ પુરવઠો મેળવવા ગોઠવણ કરશે.
5. ડિઝલ એન્જીન ટેસ્ટ કરી વોટર પંપ ચાલુ રાખવા ગોઠવણ કરશે.
6. કલોરીન ટેબ્લેટ સહિતની પાણીની જંતુમુકત કરતી દવાઓ / સામગ્રી પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ કરશે.

**(ક) આફત પછી કરવાની થતી કામગીરી :–**

1. આફતને કારણે પીવાના પાણીની લાઈનોમાં ભંગાણ સર્જાય તો તાત્કાલિક મરામતની કાર્યવાહી કરશે.
2. પીવાના પાણીની ટાંકીઓ, ઓવર હેડ ટાંકીઓ, સમ્પ તેમજ જળાશયો – જળસ્ત્રોતોની તાત્કાલિક ચકાસણી કરાવી વ્યવસ્થા જાળવવા ગોઠવણ કરશે.
3. વીજ લાઈનમાં ભંગાણ જણાય તો જી.ઈ.બી. સત્તાવાળાઓ સાથે સંપર્ક કરી વિજ વ્યવસ્થાના પુનઃસ્થાપન માટે પ્રયત્નશીલ રહેશે.
4. કલોરીનયુકત પીવાનું પુરૂ પાડશે. જે માટે જૂથ યોજનાઓ, વ્યકિતગત યોજનાઓ, કાર્યાન્વિત કરી અથવા તો વિકલ્પે ટેન્કર ધ્વારા વ્યવસ્થા ગોઠવશે.
5. રાહત કેમ્પો ઉપર તથા રાહત રસોડાઓમાં અને આશ્રય સ્થાનો ઉપર પણ પૂરતું પીવાનું પાણી પુરૂ પાડશે.

# [૫] નાયબ કાર્યપાલક ઈજનેર (સિંચાઈ)

## (અ) આફત સિવાયના / શાંતિના સમયમાં કરવાની થતી કામગીરી :–

તાલુકા ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરતી વખતે / અદ્યતન કરતી વખતે સિંચાઈ વિભાગે કરવાની કાર્યવાહીના સંદર્ભ પૂરતી નીચેની બાબતોનો કાળજીપૂર્વક સમાવેશ થાય તે અંગે ચોકસાઈ રાખવી.

(ક) તાલુકાના તમામ અધિકારીઓ / સ્ટાફ, વાહનો તથા તરવૈયાઓના સંપર્ક વિગતો.

(ખ) તાલુકાના તમામ સિંચાઈ સંબંધિત તત્વો જેવા કે નદી, તળાવ, કેનાલ, નાના–મોટા બંધની વિગતો.

(ગ) મુખ્ય કચેરીમાં કંટ્રોલરૂમની વ્યવસ્થા અને સક્ષમ નોડલ અધિકારીની નિમણૂંક.

(ઘ) તાલુકામાં જોખમ ધરાવતાં સ્થળો ભયજનક થવાથી અસરની શકયતા ધરાવતાં ગામો વિસ્તારોની વિગતો અને સંપર્કમાર્ગોની વિગતો.

(ચ) પુરની ચઢાવ–ઉતારની માહિતી મેળવવાનું ઝડપી વ્યવસ્થાતંત્ર (વોટર – લેવલ ગેજ– સ્ટેશન)

(છ) પુરના સંજોગોમાં તાલુકાના મામલતદાર કચેરીના કંટ્રોલરૂમ, જિલ્લાના સિંચાઈ કંટ્રોલરૂમ તથા અસરની શકયતા ધરાવતા ગામો સુધી માહિતી / ચેતવણી પહોંચાડવા માટેનું વ્યવસ્થાતંત્ર.

(જ) પાણીના મોટા સંગ્રહસ્થાનોમાં સંભવિત લીકેજ માટે ત્વરીત–એકશન માટે વ્યવસ્થાતંત્ર.

(ઝ) મોટા સંગ્રહ સ્થાનો ઉપર નિરિક્ષણ તંત્ર / જવાબદારીઓ.

(ટ) તમામ સ્ટાફને આફત વિશેની સામાન્ય માહિતી તથા આફત સમયની પ્રાથમિકતાઓની સ્પષ્ટ સમજ.

(ઠ) દરેક મુખ્ય ડેમ પરના કંટ્રોલ રૂમની કુશળ કામગીરી

(ડ) સંદેશાવ્યવહારના અત્યંત આધુનિક તથા પૂરતા સાધનો.

(ઢ) સિંચાઈ તંત્ર શાંતિના સમયમાં ડેમની, વેસ્ટ વીયરની, કેનાલ–ટનલની, ડેમ તરફ જતા રસ્તાઓની ઈત્યાદિ જાળવણી અને નિભાવણી અંગે નિયમિત અંતરે ચકાસણી કરશે.

## (બ) આફતની ચેતવણી મળતાં કરવાની થતી કામગીરી :–

1. સંદેશા વ્યવહારના સાધનો જેવા કે ટેલીફોન, મોબાઈલ ફોન, વાયરલેશ સેટ તથા ચેતવણી માટેનું સાયરન ઈત્યાદિ કાર્યરત છે કે કેમ તેની ખાતરી કરી લેશે.
2. નિયંત્રણ હેઠળના તમામ ટેકનીકલ, નોન–ટેકનીકલ કર્મચારીઓને પોતાના ફરજના સ્થળે ઉપસ્થિત કરી સતર્ક કરશે.

3. તળાવ, ડેમ, કેનાલ અને નાના–મોટા ડેમ સહિતના તાબાના તમામ જળાશયોની મુલાકાત ટેકનીકલ કર્મચારી મારફતે લઈ સ્ટેટસ રીપોર્ટ મેળવશે.
4. પુરના સંજોગોમાં પાણીની આવક વધે અથવા ઓવરફલોની પરિસ્થિતિ ઉભી થાય તો સક્ષમ અધિકારી ધ્વારા પાણી છોડવા અંગે નિર્ણય લઈ આગોતરી જાણકારી નીચાણવાળા વિસ્તારના રહીશો, ગામોને પહોંચે તે માટે જિલ્લા તાલુકા કંટ્રોલ રૂમ અને મહેસુલી અધિકારીઓનો સંપર્ક કરી નદીમાં પાણી છોડવા અંગે મંજૂરી મેળવશે.
5. જળાશયોના ઓવરફલો અથવા તો લીકેજના સંજોગોમાં સ્ટ્રકચરને નુકસાન ન થાય તે માટે વૈકલ્પિક વ્યવસ્થા રાખશે.
6. જળાશયોમાં પાણીના લેવલની નિશ્ચિત જગ્યાના ચઢાવ–ઉતારની પરિસ્થિતિની સાચી માહિતી સ્થાનિક પ્રજાને તથા મીડીયાને નિયમિત પણે મળતી રહે તે માટે ગોઠવણ કરશે.
7. મોટા સંગ્રહ સ્થાનો ઉપર સીનીયર અને જવાબદાર અધિકારીના નિરિક્ષણ હેઠળ કાર્યવાહી કરશે.
8. ડી–વોટરીગ પંપ, જનરેટર્સ, ટ્રક, બુલડોઝર્સ, જે.સી.બી., નૌકા ઈત્યાદિ શોધ અને બચાવના સાધનો હાથવગા રાખશે, અને જરૂરીયાત જણાય ત્યાં પૂરા પાડવા ગોઠવણ કરશે.

(ક) **આફત પછી કરવાની થતી કામગીરી :–**

1. ટેકનીકલ અધિકારીઓની ટીમો પાડી તમામ જળાશયોની પરિસ્થિતિનો સાચો કયાસ મેળવવો.
2. ઓવરફલો અથવા તો લીકેજ નથી તેની ખાતરી અધિકારીના સ્તરથી કરાવવી.
3. જો ઓવરફલો અથવા લીકેજ જણાય તો તાત્કાલિક યોગ્ય કાર્યવાહી હાથ ધરી જળાશયને વિપરિત અસર ન થાય તે માટે એકશન પ્લાન મુજબ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરશે.
4. તાલુકા અને જિલ્લા કંટ્રોલ રૂમને તાત્કાલિક જળાશયવાર પાણીનું લેવલ તથા આનુષાંગિક પરિસ્થિતિ અંગે જાણ કરશે. અને ખતરો ન જણાય તો સબ સલામત અંગે સ્થાનિક પ્રજાને સમાચાર / સંચાર માધ્યમો ધ્વારા સાચી માહિતીથી વાકેફ કરશે.
5. જો ઓવરફલો અથવા લીકેજની પરિસ્થિતિ માલુમ પડે તો તુરત જ નીચાણવાળા વિસ્તારમાં વસતા લોકોને સાવચેત કરવા માટે જિલ્લા / તાલુકા કંટ્રોલ રૂમનો સંપર્ક કરી ચેતવણી માટેની ગોઠવણ કરશે.
6. પીવાના પાણીની યોજના સિંચાઈ જળાશય આધારીત હોય તો તેવા સંજોગોમાં વિશેષ કાળજી લઈ પીવાના પાણીના વાહનમાં કોઈ અંતરાય ન રહે તે અંગે કાળજી લેશે.
7. શોધ અને બચાવના ઉપલબ્ધ સાધનો, નૌકાઓ, ડી–વોટરીગ પંપ ઈત્યાદિ ઉપલબ્ધ કરી, તેનો શોધ અને બચાવ માટે ઉપયોગ કરવા સ્થાનિક વહીવટી તંત્રને સહાયરૂપ થશે.

# [૬] નાયબ કાર્યપાલક ઈજનેર (માર્ગ અને મકાન) (રાજય અને પંચાયત)

## (અ) આફત સિવાયના / શાંતિના સમયમાં કરવાની થતી કામગીરી :–

1. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનાના ભાગરૂપે માર્ગ અને મકાન વિભાગનો પોતાના કાર્યક્ષેત્રનો અલાયદો પ્લાન તથા સંશાધનોની વિગતો તૈયાર કરશે. જેમાં **નીચેની બાબતનો સમાવેશ** થાય તે જોશે.

   (ક) તાલુકાના તાબા હેઠળના તમામ સ્ટાફના સંપર્કની વિગતો.

   (ખ) તાલુકાના તાબા હેઠળના મકાનો, વાહનો તથા સાધનોની વિગતો તથા કોન્ટ્રાકટરો અને તેમના ઘ્વારા ઉપયોગમાં લેવાતા વાહનો અને સાધનોની વિગતો.

   (ગ) તાલુકાના તાબા હેઠળના વિસ્તારોના નકશાઓ અને આંકડાકીય માહિતી.

   (ઘ) તમામ ગામોના એપ્રોચ અને અન્ય રસ્તાઓની પરિસ્થિતિ તથા રસ્તાઓ પરના પુલ, બેઠા પુલ, રેલ્વે ક્રોસીંગ, તથા અન્ય વિગતો.

   (ચ) ઈમરજન્સી રીપેર માટે એકશન પ્લાન.

   (છ) નુકસાનની શકયતા ધરાવતાં રસ્તાઓ, પુલો માટે નિરીક્ષણની વ્યવસ્થા.

   (જ) તાબાના માર્ગ અને મકાન વિભાગના બાંધકામો, રહેઠાણો, ઉંચી ઈમારતોનું સમયાંતરે નિરિક્ષણ કરશે.

   (ઝ) ભૂકંપ તથા વાવાઝોડા પ્રતિરોધક બાંધકામનાં નિયમોનું ચુસ્ત પાલન થાય તે અંગે તકેદારી રાખશે.

૨. તાલુકા કચેરીમાં કંટ્રોલરૂમ ખાતે ઈમરજન્સીના સંજોગોમાં સંકલન કરવા માટે મદદનીશ ઈજનેરથી નીચેના દરજજાના ન હોય તેવા કર્મચારીની નિમણૂંક કરશે.

૩. કાર્યક્ષેત્રમાં તાબાના સાધનો જેવા કે બુલડોઝર, ટ્રેકટર, વોટર ટેન્કર, ડમ્પર, જે.સી.બી. મશીન, ડી–વોટરીંગ પંપ, જનરેટર, કટર, ટ્રી–કટર, જેવા મોટા સાધનો તેમજ નિસરણી, દોરડા, ફલડ લાઈટ, પાવડા, કોદાળી, હથોડા, આર.સી.સી. કટર, જેવા મઘ્યમ અને નાના સાધનો જે ઉપલબ્ધ હોય તે તમામ ઈમરજન્સીમાં ઉપયોગમાં લઈ શકાય તેવી ચાલુ હાલતમાં રહે તે અંગે જાળવણી અને નિભાવણી કરશે.

૪. જાહેર સલામત આશ્રય સ્થાનો, તેમજ સ્થળાંતરના સંજોગોમાં ઉપયોગમાં લઈ શકાય તેવા સંશોધિત આશ્રય સ્થાનોમાં પ્રાથમિક આવશ્યકતાઓ જેવી કે પાણી, ગટર, સંડાસની સારસંભાળ લે શે.

૫. આફતની શકયતાવાળા વિસ્તારોમાં નુકસાન થઈ શકે તેવી જાહેર મિલ્કતોની યાદી તૈયાર કરવી. નુકસાન ઓછું થઈ શકે તે માટે આગોતરી કામગીરી કરશે.

## (બ) આફતની ચેતવણી મળતાં કરવાની થતી કામગીરી :–

૧. તાત્કાલિક તાલુકા કંટ્રોલ રૂમનો સંપર્ક કરી જે કંઈ જરૂરીયાત હોય તે પૂરી પાડવા મદદરૂપ થશે.

૨. તાબાના તમામ કર્મચારીઓ પોતાના મુખ્ય મથકે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે નિશ્ચિત કરશે.

૩. માર્ગ અને મકાન વિભાગની તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજના હેઠળ કરવાની થતી કામગીરીની તાબાના કર્મચારીઓ / અધિકારીઓ વચ્ચે વહેંચણી કરી રવાના કરશે.

૪. તાલુકાના લાયઝન અધિકારીશ્રીની સૂચનાઓ મેળવીને આપત્તિ વ્યવસ્થાપન માટે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા જે કંઈ કાર્યવાહી કરવાની થાય તે તાત્કાલિક હાથ ધરશે.

૫. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ સંશાધનોની ઉપલબ્ધિ અંગે સંપર્ક કરી ખાત્રી કરી લે શે. તેમજ ઈમરજન્સીમાં તાત્કાલિક પ્રાપ્તિ થાય તે માટે આયોજન કરશે.

## (ક) આફત પછી કરવાની થતી કામગીરી :–

૧. તાલુકાના લાયઝન અધિકારીના આદેશને અનુસરશે.

૨. શોધ અને બચાવ કામગીરી માટે પોતાની ફરજ બજાવવા સતત કાર્યરત રહેશે.

૩. આપત્તિ વ્યવસ્થાપન માટે ઉપલબ્ધ સંશાધનો અને માનવશકિતને કામે લગાડશે.

૪. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનાની જોગવાઈઓ મુજબ  અમલીકરણ કરશે.

૫. નુકસાન સર્વેની કામગીરી માટે તાલુકા વહીવટી તંત્રને તાંત્રિક જાણકારી ધરાવતા કર્મચારીઓ/અધિકારીઓની સેવાઓ પૂરી પાડશે.

૬. આફત ગ્રસ્ત વિસ્તારનો  નુકસાની અંગેનો પ્રાથમિક અહેવાલ તૈયાર કરશે

૭. કામચલાઉ આશ્રયસ્થાનોમાં લાઈટ, પાણી અને સંડાસની જરૂરીયાત સંતોષવા તાત્કાલિક કાર્યવાહી કરશે તેમજ કામચલાઉ આશ્રયસ્થાનોના એપ્રોચ રસ્તાઓની ચકાસણી કરી આવશ્યકતા જણાય તે મુજબ મરામત કરશે.

૮. રસ્તા, પુલો, નુકશાનગ્રસ્ત થયેલ હોય તો તાત્કાલિક મરામતની કાર્યવાહી હાથ ધરશે. અને વાહનવ્યવહારમાં વિક્ષેપ ન થાય તેની કાળજી લેશે.

# [૭] નાયબ કાર્યપાલક ઈજનેર (જી.ઈ.બી.)

## (અ) આફત પહેલાં કરવાની થતી કામગીરી :–

1. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનાના ભાગરૂપે G.E.B / ઉર્જા વિભાગને લગતો પોતાના કાર્યક્ષેત્રનો અલાયદો આપત્તિ વ્યવસ્થાપન પ્લાન તથા ઉપલબ્ધ / ઉપલબ્ધ થઈ શકે તેવા સંશાધનોની વિગતો તૈયાર કરશે. જેમાં નીચેની બાબતોનો પણ સમાવેશ કરવા ગોઠવણ કરશે.

   (ક) તાબાના તમામ સ્ટાફના સંપર્કની વિગતો.

   (ખ) તાબાના મકાનો, વાહનો તથા સાધનોની વિગતો તેમજ કોન્ટ્રાકટરો અને તેમની મારફતે અવારનવાર ઉપયોગોમાં લેવાતા વાહનો અને સાધનોની વિગતો.

   (ગ) તાબાના વિસ્તારના વિદ્યુત મથકો, સબ સ્ટેશન, ડી.પી. ટ્રાન્સફોર્મસ તથા મહત્વની વિદ્યુત લાઈનોની વિગત દર્શાવતા નકશા તથા આંકડાકીય માહિતી.

   (ઘ) વિદ્યુત પુરવઠાને લગતા તેમજ ખાસ કરીને મહત્વના વીજવપરાશના સ્થળો જેવા કે પાણી પૂરવઠા યોજનાઓ, ડ્રેનેજ યોજનાઓ, રેલ્વે સ્ટેશન્સ, બસ ડેપો, વ્યૂહાત્મક સ્થળો, બંદરો, આર્મી–એરફોર્સ–નેવી કેમ્પસ જેવા સંવેદનશીલ સ્થળે વીજવિતરણના વ્યૂહાત્મક કેન્દ્રો, બંદરો, દિવાદાંડી, મહત્વની હોસ્પીટલો ઈત્યાદિને વૈકલ્પિક ઉર્જા અથવા તો ઈમરજન્સીમાં વિદ્યુત પૂરવઠો પૂરો પાડવા માટેની વિગતો.

   (ચ) વીજ લાઈન ખોળવાઈ જાય તેવા સંજોગોમાં મરામત / વૈકલ્પિક યોજનાનો એકશન પ્લાન.

   (છ) નુકશાનની શકયતા ધરાવતા વીજમથકો, પેટા મથકો, ઈત્યાદિનું સમયાંતરે નિરીક્ષણ કરશે.

   (જ) નુકશાન ખાસ કરીને વીજળીના થાંભલા તથા ડી.પી. / ટ્રાન્સફોર્મસને થાય તો વિજલાઈન–વિદ્યુત પુરવઠાના પુનઃસ્થાપન માટે આવશ્યક ભૌતિક માલસામાનની સમયસર અને ઝડપી ઉપલબ્ધિ માટેની પેટા કાર્યયોજના.

   (ઝ) બીન અસરયુકત નજીકના જિલ્લામાંથી ટેકનીકલ કર્મચારીઓ હંગામી ધોરણે ઉપલબ્ધ કરવા અંગેની કાર્યયોજના.

(૨) ઈમરજન્સીના સંજોગોમાં તાલુકા કંટ્રોલ રૂમ ખાતે સંકલન કરવા માટે અ.મ.ઈ. / મ.ઈ.શ્રી નીચેના દરજજાના ન હોય તેવા કર્મચારીની નિમણૂંક કરશે.

(૩) કાર્યક્ષેત્રમાં તાબાના સાધનો જેવા કે બુલડોઝર, વોટર ટેન્કર, ડમ્પર, લોડર, જે.સી.બી., ડી–વોટરીંગ પંપ, ડીઝલ જનરેટર્સ, કટર્સ, ટ્રી–કટર્સ જેવા મોટા સાધનો તથા ફલડ લાઈટ, નીસરણી, દોરડા, પાવડા, કોદાળી, હથોડા, આર.સી.સી. કટર ઈત્યાદિ મધ્યમ અને નાના સાધનો જે ઉપલબ્ધ હોય તે તમામ આપત્તિના સમયમાં ઉપયોગમાં લઈ શકાય તેવી ચાલુ હાલતમાં રહે તે અંગે ખાસ જવાબદારી સુપ્રત કરી જાળવણી અને નિભાવણી કરશે.

(૪) મુદ્દા–૧ (ઘ) માં દર્શાવેલા ઈમરજન્સી સેવાને લગત સ્થાનો, આપત્તિ દરમ્યાન ઉપયોગમાં લેવાતા/લઈ શકાય તેવા આશ્રય સ્થાનો–ઈમરજન્સી હોસ્પિટલો ઈત્યાદિ સ્થળોએ વિજપુરવઠો ખોરવાઈ ન જાય તેની સારસંભાળ લેશે.

(૫) આફતની શકયતાવાળા વિસ્તારોમાં નુકશાન થવાની શકયતાવાળી વિજવિભાગ–G.E.B. ને લગતી જાહેર મિલકતોની યાદી તૈયાર કરી નુકશાન ઓછું થઈ શકે તે માટે આગોતરી કામગીરી કરશે.

## (બ) આફતની ચેતવણી મળતાં કરવાની થતી કામગીરી :–

1. તાત્કાલિક તાલુકા કંટ્રોલ રૂમનો સંપર્ક કરી તેમની ફરજના ભાગરૂપે જે કામગીરી કરવાની થતી હોય તે કરવા મદદરૂપ થશે.
2. તાબાના તમામ કર્મચારીઓ પોતાના મુખ્ય મથકે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે નિશ્ચિત કરશે.
3. G.E.B./ઉર્જા વિભાગની તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજના હેઠળ કરવાની થતી કામગીરીના તાબાના અધિકારીઓ / કર્મચારીઓ માટે વહેંચણી કરી સ્થળ ઉપર જવા રવાના કરશે.
4. તાલુકાના લાયઝન અધિકારીશ્રીની સૂચનો મેળવતાં રહેશે અને તબકકાવાર આવશ્યકતાનુસાર જે કંઈ કાર્યવાહી કરવાની થતી હોય તે તાત્કાલિક હાથ ધરશે.
5. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ સંશાધનોની ઉપલબ્ધિ અંગે સંપર્ક કરી ખાત્રી કરી લેશે. તેમજ ઈમરજન્સીમાં તાત્કાલિક પ્રાપ્તિ થાય તે માટે આયોજન કરશે.
6. આફતને કારણે ભંગાણ સર્જાવાની શકયતા હોય કે જાન–માલની સલામતી ખાતર બંધ કરવા લાયઝન અધિકારીશ્રી/મામલતદારશ્રી સાથે પરામર્શ સંકલન કરી નિર્ણય લઈ અમલ કરશે.
7. આફત સમયે કરવાની થતી તાત્કાલિક કામગીરી માટે વાહનોવાળા જૂથોની રચના કરી વિસ્તારો વહેંચી આપશે.
8. આફત સમયે કરવાની થતી તાત્કાલિક કામગીરી માટે માહિતીની આપ–લે માટે હંગામી કંટ્રોલરૂમની સ્થાપના કરશે તથા નોડલ ઓફિસરની નિમણૂંક કરશે.

## (ક) આફત પછી કરવાની થતી કામગીરી :–

1. તાલુકાના લાયઝન અધિકારીના આદેશને અનુસરશે.
2. શોધ અને બચાવ કામગીરી માટે સોંપવામાં આવે તે ફરજ બજાવવા કાર્યરત રહેશે.
3. આપત્તિ વ્યવસ્થાપન માટે ઉપલબ્ધ સંશાધનો અને માનવશકિત જરૂરિયાત અનુસાર કામે લગાડશે.
4. સલામતીના કારણોસર વીજપૂરવઠો બંધ કરેલ હોય તે બાબતે સમીક્ષા કરી શકય હોય ત્યાં સત્વરે વીજપૂરવઠો પુનઃસ્થાપિત કરશે.

5. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ એકશન પ્લાન અમીલમાં મુકી વ્યૂહાત્મક સ્થળો સહિતના અગ્રીમતા ધરવાતા વિસ્તારોમાં વીજપુરવઠામાં ભંગાણ સર્જાયુ હોય તો વિશેષ કાર્યદળોને ટૂકડીઓને જરૂરી સાધન–સામગ્રી સાથે મોકલી વિજપૂરવઠો ઝડપથી પુનઃસ્થાપિત થાય તે માટે ઝડપી, સમયસર અને પરિણામલક્ષી કામગીરી કરશે.

6. વિજપુરવઠો પુનઃસ્થાપિત કરવા વધારે માલસામાન–સાધનો, વાહનો, માનવસંપદાની–ટેકનીકલ કર્મચારીઓની જરૂર જણાય તો તુરત જ સર્કલ કચેરી અથવા મઘ્યસ્થ કંટ્રોલરૂમનો સંપર્ક કરી મદદ મોકલવા જાણ કરશે.

7. આપત્તિ વ્યવસ્થાપન માટે તાબાના કર્મચારીઓ–સંશાધનો ઉપરાંત બહારથી જે કંઈ વિશેષ મદદ ઉપલબ્ધ થાય તેનો આયોજનપૂર્વક ઉપયોગ કરશે.

8. આફતગ્રસ્ત વિસ્તારમાં પોતાના કાર્યક્ષેત્રને લગતી નુકશાનીનો પ્રાથમિક સર્વે કરી તાલુકા/જિલ્લા કંટ્રોલરૂમને તથા પોતાના વહીવટી વડાને જાણ કરશે.

9. તાલુકાના કંટ્રોલરૂમ, હોસ્પિટલો, આશ્રયસ્થાનો, બંદરો, બસડેપો વગેરે સ્થળોએ વીજપૂરવઠાની કામચલાઉ વ્યવસ્થા પૂરી પાડશે. જેમાં જરૂર જણાયે ડી.જી.સેટસ ઉપલબ્ધ કરાવશે.

10. ઈમરજન્સી રીપેર માટે એકશન પ્લાન મુજબ તાત્કાલિક કામગીરી હાથ ધરશે.

# [૮] જે.ટી.ઓ. ટેલીફોન

## (અ) આફત પહેલાં કરવાની થતી કામગીરી :–

1. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનાના ભાગરૂપે ટેલીફોન વિભાગને લગતો પોતાના કાર્યક્ષેત્ર–તાલુકાને લગતો અલાયદો આપત્તિ વ્યવસ્થાપન પ્લાન તૈયાર કરશે. જેમાં ઉપલબ્ધ તથા ઉપલબ્ધ થઈ શકે તેવા સંશાધનોની વિગતોનો સમાવેશ કરશે. જેમ કે..

   (ક) તાબાના તમામ સ્ટાફના સંપર્કની વિગતો.

   (ખ) તાબાના મકાનો, વાહનો તથા સાધનોની વિગતો તેમજ કોન્ટ્રાકટરો અને તેમની મારફતે અવારનવાર ઉપયોગોમાં લેવાતા વાહનો અને સાધનોની વિગતો.

   (ગ) તાબાના વિસ્તારના ટેલીફોન એક્ષચેન્જ, ડી.પી. તથા મહત્વની ટેલીફોન લાઈનો, હોટ લાઈનો, ટેલેક્ષ લાઈનો, માઈક્રોવેવ ટાવર્સ વિગેરેની વિગત દર્શાવતા નકશા તથા આંકડાકીય માહિતી.

   (ઘ) ટેલીફોન સુવિદ્યાને લગતા તેમજ ખાસ કરીને મહત્વના ટેલીફોન જેવા કે પાણી પૂરવઠા યોજનાઓ, કંટ્રોલ રૂમ, હોસ્પિટલો, ડ્રેનેજ યોજનાઓ, રેલ્વે સ્ટેશન્સ, બસ ડેપો, વ્યૂહાત્મક સ્થળો, બંદરો, આર્મી–એરફોર્સ–નેવી કેમ્પસ જેવા સંવેદનશીલ સ્થળે વીજવિતરણના વ્યૂહાત્મક કેન્દ્રો, બંદરો, દિવાદાંડી, મહત્વના ઔદ્યોગિક એકમો ઈત્યાદિને ટેલીફોન–સંદેશાવ્યવહાર સુવિદ્યા અથવા તો ઈમરજન્સીમાં સંદેશાવ્યવહારની સુવિદ્યા પૂરી પાડવા માટેની વિગતો.

   (ચ) ટેલીફોન લાઈનો અને માઈક્રોવેવ ટાવર્સ ઈત્યાદિ ખોળવાઈ જાય તેવા સંજોગોમાં મરામત / વૈકલ્પિક યોજનાનો એકશન પ્લાન.

   (છ) નુકશાનની શકયતા ધરાવતા ટેલીફોન એક્ષચેન્જ, પેટા એક્ષચેન્જ ઈત્યાદિનું સમયાંતરે નિરીક્ષણ કરશે.

   (જ) નુકશાન ખાસ કરીને ટેલીફોનના થાંભલા તથા ડી.પી. / ટ્રાન્સફોર્મસને થાય તો ટેલીફોન લાઈન–સંદેશાવ્યવહાર સુવિદ્યાના પુનઃસ્થાપન માટે આવશ્યક ભૌતિક માલસામાનની સમયસર અને ઝડપી ઉપલબ્ધિ માટેની પેટા કાર્યયોજના.

   (ઝ) બીન અસરયુકત નજીકના જિલ્લામાંથી ટેકનીકલ કર્મચારીઓ હંગામી ધોરણે ઉપલબ્ધ કરવા અંગેની કાર્યયોજના. તાલુકાની કચેરીઓના સ્ટાફ / વાહનોની વિગતો.

(૨) ઈમરજન્સીના સંજોગોમાં તાલુકા કંટ્રોલ રૂમ ખાતે સંકલન કરવા માટે ફોન ઈન્સ્પેકટરથી નીચેના દરજજાના ન હોય તેવા કર્મચારીની નિમણૂંક કરશે.

(૩) કાર્યક્ષેત્રમાં તાબાના સાધનો જેવા કે ડીઝલ જનરેટર્સ, કટર્સ, ટ્રી–કટર્સ જેવા મોટા સાધનો તથા ફલડ લાઈટ, નીસરણી, દોરડા, પાવડા, કોદાળી, હથોડા, આર.સી.સી. કટર, કેબલ, તાર–વાયર, અગ્નિશામક સાધનો, ડી–ડસ્ટીગ સાધનો ઈત્યાદિ મધ્યમ અને નાના સાધનો જે ઉપલબ્ધ હોય તે તમામ આપત્તિના સમયમાં ઉપયોગમાં લઈ શકાય તેવી ચાલુ હાલતમાં રહે તે અંગે ખાસ જવાબદારી સુપ્રત કરી જાળવણી અને નિભાવણી કરશે.

(૪) મુદ્દા–૧ (ઘ) માં દર્શાવેલા ઈમરજન્સી સેવાને લગત સ્થાનો, આપત્તિ દરમ્યાન ઉપયોગમાં લેવાતા/લઈ શકાય તેવા આશ્રય સ્થાનો–ઈમરજન્સી હોસ્પિટલો ઈત્યાદિ સ્થળોએ ટેલીફોન સંદેશાવ્યવહાર લાઈનો ખોરવાઈ ન જાય તેની સારસંભાળ લેશે.

(૫) આફતની શકયતાવાળા વિસ્તારોમાં નુકશાન થવાની શકયતાવાળી ટેલીફોન વિભાગને લગતી જાહેર મિલકતોની યાદી તૈયાર કરી નુકશાન ઓછું થઈ શકે તે માટે આગોતરી કામગીરી કરશે.

**(બ) આફતની ચેતવણી મળતાં કરવાની થતી કામગીરી :–**

1. તાત્કાલિક તાલુકા કંટ્રોલ રૂમનો સંપર્ક કરી તેમની ફરજના ભાગરૂપે જે કામગીરી કરવાની થતી હોય તે કરવા મદદરૂપ થશે.
2. તાબાના તમામ કર્મચારીઓ પોતાના મુખ્ય મથકે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે નિશ્ચિત કરશે.
3. ટેલીફોન ખાતાની તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજના હેઠળ કરવાની થતી કામગીરીના તાબાના અધિકારીઓ / કર્મચારીઓ માટે વહેંચણી કરી સ્થળ ઉપર જવા રવાના કરશે.
4. તાલુકાના લાયઝન અધિકારીશ્રીની સૂચનો મેળવતાં રહેશે અને તબકકાવાર આવશ્યકતાનુસાર જે કંઈ કાર્યવાહી કરવાની થતી હોય તે તાત્કાલિક હાથ ધરશે.
5. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ સંશાધનોની ઉપલબ્ધિ અંગે સંપર્ક કરી ખાત્રી કરી લેશે. તેમજ ઈમરજન્સીમાં તાત્કાલિક પ્રાપ્તિ થાય તે માટે આયોજન કરશે.
6. આફતને કારણે ભંગાણ સર્જાવાની શકયતા હોય કે જાન–માલની સલામતીખાતર યુનિટ બંધ કરવા લાયઝન અધિકારીશ્રી/મામલતદારશ્રી સાથે પરામર્શ સંકલન કરી નિર્ણય લઈ અમલ કરશે.
7. આફત સમયે કરવાની થતી તાત્કાલિક કામગીરી માટે વાહનોવાળા જૂથોની રચના કરી વિસ્તારો વહેંચી આપશે.
8. આફત સમયે કરવાની થતી તાત્કાલિક કામગીરી માટે માહિતીની આપ–લે માટે હંગામી કંટ્રોલરૂમની સ્થાપના કરશે તથા નોડલ ઓફિસરની નિમણૂંક કરશે.

## (ક) આફત પછી કરવાની થતી કામગીરી :–

1. તાલુકાના લાયઝન અધિકારીના આદેશને અનુસરશે.
2. શોધ અને બચાવ કામગીરી માટે સોંપવામાં આવે તે ફરજ બજાવવા કાર્યરત રહેશે.
3. આપત્તિ વ્યવસ્થાપન માટે ઉપલબ્ધ સંશાધનો અને માનવશકિત જરૂરિયાત અનુસાર કામે લગાડશે.
4. સલામતીના કારણોસર ટેલીફોન લાઈન બંધ કરેલ હોય તે બાબતે સમીક્ષા કરી શકય હોય ત્યાં સત્વરે સંદેશાવ્યવહાર પુનઃસ્થાપિત કરશે.
5. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ એકશન પ્લાન અમીલમાં મુકી વ્યૂહાત્મક સ્થળો સહિતના અગ્રીમતા ધરવાતા વિસ્તારોમાં ટેલીફોન લાઈનમાં ભંગાણ સર્જાયુ હોય તો વિશેષ કાર્યદળોને ટૂકડીઓને જરૂરી સાધન–સામગ્રી સાથે મોકલી ટેલીફોન લાઈનો ઝડપથી પુનઃસ્થાપિત થાય તે માટે ઝડપી, સમયસર અને પરિણામલક્ષી કામગીરી કરશે.
6. ટેલીફોન લાઈનો પુનઃસ્થાપિત કરવા વધારે માલસામાન–સાધનો, વાહનો, માનવસંપદાની–ટેકનીકલ કર્મચારીઓની જરૂર જણાય તો તુરત જ સર્કલ કચેરી અથવા મધ્યસ્થ કંટ્રોલરૂમનો સંપર્ક કરી મદદ મોકલવા જાણ કરશે.
7. આપત્તિ વ્યવસ્થાપન માટે તાબાના કર્મચારીઓ–સંશાધનો ઉપરાંત બહારથી જે કંઈ વિશેષ મદદ ઉપલબ્ધ થાય તેનો આયોજનપૂર્વક ઉપયોગ કરશે.
8. આફતગ્રસ્ત વિસ્તારમાં પોતાના કાર્યક્ષેત્રને લગતી નુકશાનીનો પ્રાથમિક સર્વે કરી તાલુકા/જિલ્લા કંટ્રોલરૂમને તથા પોતાના વહીવટી વડાને જાણ કરશે.
9. તાલુકાના કંટ્રોલરૂમ, હોસ્પિટલો, આશ્રયસ્થાનો, બંદરો, બસડેપો વગેરે સ્થળોએ હંગામી હોટ લાઈન અથવા તો કામચલાઉ ટેલીફોન કનેકશનની વ્યવસ્થા પૂરી પાડશે. જેમાં જરૂર જણાયે ડી.જી.સેટસ ઉપલબ્ધ કરાવશે.
10. ઈમરજન્સી રીપેર માટે એકશન પ્લાન મુજબ તાત્કાલિક કામગીરી હાથ ધરશે.

# [૯] ખેતી નિરીક્ષક

## (અ) આફત પહેલાં કરવાની થતી કામગીરી :–

1. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનાના ભાગરૂપે ખેતીવાડી ખાતાને લગતો પોતાના કાર્યક્ષેત્ર–તાલુકાને લગતો અલાયદો આપત્તિ વ્યવસ્થાપન પ્લાન તૈયાર કરશે. જેમાં ઉપલબ્ધ તથા ઉપલબ્ધ થઈ શકે તેવા સંશાધનોની વિગતોનો સમાવેશ કરશે. જેમ કે..

   (ક) તાબાના તમામ સ્ટાફના સંપર્કની વિગતો. તથા તમામ ગામોની ખેતીની જમીન સિંચાઈના સ્ત્રોતોની માહિતી.

   (ખ) તાબાના મકાનો, વાહનો તથા સાધનોની વિગતો તેમજ કોન્ટ્રાકટરો અને તેમની મારફતે અવારનવાર ઉપયોગોમાં લેવાતા વાહનો અને સાધનોની વિગતો.

   (ગ) તાબાના વિસ્તારની કૃષિ સંશોધન લેબોરેટરી, બીજ ઉત્પાદન કેન્દ્રો, કૃષિ તાલીમ શાળાઓ વિગેરેની વિગત દર્શાવતા નકશા તથા આંકડાકીય માહિતી.

   (ઘ) ખેત ઉત્પાદન અને ખેતી વિસ્તરણને લગતા તેમજ ખાસ કરીને મહત્વના બિયારણ વૃધ્ધિ કેન્દ્રો, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ, તાલીમ કેન્દ્રો ઈત્યાદિ સંવેદનશીલ સ્થળે આવશ્યક સુવિદ્યા પૂરી પાડવા માટેની વિગતો.

   (ચ) ખેત ઉત્પાદનને લગતી આનુષાંગિક સુવિદ્યાઓ ખોરવાઈ જાય તેવા સંજોગોમાં મરામત / વૈકલ્પિક યોજનાનો એકશન પ્લાન.

   (છ) નુકશાનની શકયતા ધરાવતી તાબાની કચેરીઓ અને અન્ય કેન્દ્રો, પેટા કેન્દ્રો ઈત્યાદિનું સમયાંતરે નિરીક્ષણ કરશે.

   (જ) નુકશાન ખાસ કરીને માલ–મિલકત, તથા પાક પરિસ્થિતિને નોધંપાત્ર થાય તો સુવિદ્યાના પુનઃસ્થાપન માટે આવશ્યક ભૌતિક માલસામાનની સમયસર અને ઝડપી ઉપલબ્ધિ માટેની પેટા કાર્યયોજના.

   (ઝ) બીન અસરયુકત નજીકના જિલ્લામાંથી ટેકનીકલ–સેમી ટેકનીકલ–વહીવટી કર્મચારીઓ હંગામી ધોરણે ઉપલબ્ધ કરવા અંગેની કાર્યયોજના. તાલુકાની કચેરીઓના સ્ટાફ / વાહનોની વિગતો.

2. ઈમરજન્સીના સંજોગોમાં તાલુકા કંટ્રોલ રૂમ ખાતે સંકલન કરવા માટે ખેતી નિરીક્ષકથી નીચેના દરજ્જાના ન હોય તેવા કર્મચારીની નોડલ અધિકારીશ્રી તરીકે નિમણૂંક કરશે.

3. કાર્યક્ષેત્રમાં તાબાના સાધનો જેવા કે ડીઝલ જનરેટર્સ, કટર્સ, ટ્રી–કટર્સ જેવા મોટા સાધનો તથા ફલડ લાઈટ, નીસરણી, દોરડા, પાવડા, કોદાળી, હથોડા, આર.સી.સી. કટર, કેબલ, તાર–વાયર, અગ્નિશામક સાધનો, ડી–ડસ્ટીગ સાધનો ઈત્યાદિ મધ્યમ અને નાના સાધનો જે ઉપલબ્ધ હોય તે તમામ આપત્તિના સમયમાં ઉપયોગમાં લઈ શકાય તેવી ચાલુ હાલતમાં રહે તે અંગે ખાસ જવાબદારી સુપ્રત કરી જાળવણી અને નિભાવણી કરશે.

4. મુદ્દા–૧ (ઘ) માં દર્શાવેલા ઈમરજન્સી સેવાને લગત સ્થાનો, આપત્તિ દરમ્યાન ઉપયોગમાં લેવાતા/લઈ શકાય તેવા આશ્રય સ્થાનો–ઈમરજન્સી હોસ્પિટલો ઈત્યાદિ સ્થળોએ આવશ્યક સેવાઓ ખાસ કરીને ખેતીવાડાને લગતી બાબતો ખોરવાઈ ન જાય તેની સારસંભાળ લેશે.

5. આફતની શકયતાવાળા વિસ્તારોમાં નુકશાન થવાની શકયતાવાળી કૃષિ વિભાગને લગતી જાહેર મિલકતોની યાદી તૈયાર કરી નુકશાન ઓછું થઈ શકે તે માટે આગોતરી કામગીરી કરશે.

**(બ) આફતની ચેતવણી મળતાં કરવાની થતી કામગીરી :–**

1. તાત્કાલિક તાલુકા કંટ્રોલ રૂમનો સંપર્ક કરી તેમની ફરજના ભાગરૂપે જે કામગીરી કરવાની થતી હોય તે કરવા મદદરૂપ થશે.

2. તાબાના તમામ કર્મચારીઓ પોતાના મુખ્ય મથકે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે નિશ્ચિત કરશે.

3. ખેતીવાડી ખાતાની તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજના હેઠળ કરવાની થતી કામગીરીના તાબાના અધિકારીઓ / કર્મચારીઓ માટે વહેંચણી કરી સ્થળ ઉપર જવા રવાના કરશે.

4. તાલુકાના લાયઝન અધિકારીશ્રીની સૂચનો મેળવતાં રહેશે અને તબકકાવાર આવશ્યકતાનુસાર જે કંઈ કાર્યવાહી કરવાની થતી હોય તે તાત્કાલિક હાથ ધરશે.

5. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ સંશાધનોની ઉપલબ્ધિ અંગે સંપર્ક કરી ખાત્રી કરી લેશે. તેમજ ઈમરજન્સીમાં તાત્કાલિક પ્રાપ્તિ થાય તે માટે આયોજન કરશે.

6. આફતને કારણે ભંગાણ સર્જાવાની શકયતા હોય કે જાન–માલની સલામતીખાતર યુનિટ બંધ કરવા લાયઝન અધિકારીશ્રી/મામલતદારશ્રી સાથે પરામર્શ સંકલન કરી નિર્ણય લઈ અમલ કરશે.

7. આફત સમયે કરવાની થતી તાત્કાલિક કામગીરી માટે વાહનોવાળા જૂથોની રચના કરી વિસ્તારો વહેંચી આપશે.

8. આફત સમયે કરવાની થતી તાત્કાલિક કામગીરી માટે માહિતીની આપ–લે માટે આવશ્યક જણાય તો હંગામી કંટ્રોલરૂમની સ્થાપના કરશે તથા નોડલ ઓફિસરની નિમણૂંક કરશે.

**(ક) આફત પછી કરવાની થતી કામગીરી :–**

1. તાલુકાના લાયઝન અધિકારીના આદેશને અનુસરશે.

2. શોધ અને બચાવ કામગીરી માટે સોંપવામાં આવે તે ફરજ બજાવવા કાર્યરત રહેશે.

3. આપત્તિ વ્યવસ્થાપન માટે ઉપલબ્ધ સંશાધનો અને માનવશકિત જરૂરિયાત અનુસાર કામે લગાડશે.

4. સલામતીના કારણોસર અવરજવર બંધ કરેલ હોય તે બાબતે સમીક્ષા કરી શકય હોય ત્યાં સત્વરે અવરજવર પુનઃસ્થાપિત કરશે.

5. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ એકશન પ્લાન અમીલમાં મુકી વ્યૂહાત્મક સ્થળો સહિતના અગ્રીમતા ધરવાતા વિસ્તારોમાં પાકનું ધોવાણ અને પાણીનો વ્યાપક પ્રમાણમાં ભરાવો માલુમ પડેલ હોય તો વિશેષ કાર્યદળોને ટૂકડીઓને જરૂરી સાધન–સામગ્રી સાથે મોકલી જન જીવન પુનઃસ્થાપિત થાય તે માટે ઝડપી, સમયસર અને પરિણામલક્ષી કામગીરી કરશે.

6. કૃષિ વિષયક પ્રવૃત્તિ પુનઃસ્થાપિત કરવા વધારે માલસામાન–સાધનો, વાહનો, માનવસંપદાની–ટેકનીકલ કર્મચારીઓની જરૂર જણાય તો તુરત જ સર્કલ કચેરી અથવા મધ્યસ્થ કંટ્રોલરૂમનો સંપર્ક કરી મદદ મોકલવા જાણ કરશે.

7. આપત્તિ વ્યવસ્થાપન માટે તાબાના કર્મચારીઓ–સંશાધનો ઉપરાંત બહારથી જે કંઈ વિશેષ મદદ ઉપલબ્ધ થાય તેનો આયોજનપૂર્વક ઉપયોગ કરશે.

8. તાલુકાના માહિતી મેળવવાના વ્યવસ્થાતંત્રમાં ખેતીના નુકસાનની વિગતો સામેલ કરી વિગતો મેળવી લેવી.

9. તાલુકાના તમામ ગામવાર અલગ અલગ પાકોની વિગતો હોવી જોઈએ.

10. આફતગ્રસ્ત વિસ્તારમાં પોતાના કાર્યક્ષેત્રને લગતી નુકશાનીનો પ્રાથમિક સર્વે કરી તાલુકા/જિલ્લા કંટ્રોલરૂમને તથા પોતાના વહીવટી વડાને જાણ કરશે.

11. ઈમરજન્સી મદદ માટે એકશન પ્લાન મુજબ તાત્કાલિક કામગીરી હાથ ધરશે.

# [૧૦] પશુપાલન અધિકારી / નાયબ પશુપાલન નિયામક / મદદનીશ પશુપાલન નિયામક

## (અ) આફત પહેલાં કરવાની થતી કામગીરી :–

1. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનાના ભાગરૂપે પશુપાલન ખાતાને લગતો પોતાના કાર્યક્ષેત્ર–તાલુકાને લગતો અલાયદો આપત્તિ વ્યવસ્થાપન પ્લાન તૈયાર કરશે. જેમાં ઉપલબ્ધ તથા ઉપલબ્ધ થઈ શકે તેવા સંશાધનોની વિગતોનો સમાવેશ કરશે. જેમ કે..

(ક) તાબાના તમામ સ્ટાફના સંપર્કની વિગતો, તાલુકાના તમામ ગામના સંપર્ક નંબરોની વિગતો , તથા તમામ ગામોની પશુ ચિકિત્સા કેન્દ્રો, કૃત્રિમ વીર્યદાન કેન્દ્રો, પશુ દવાખાના, વેટરનરી કોલેજ ઈત્યાદિને માહિતી.

(ખ) તાબાના મકાનો, વાહનો, મોબાઈલ ડીસ્પેન્સરી તથા સાધનોની વિગતો તેમજ અન્ય સ્ત્રોતો મારફતે અવારનવાર ઉપયોગોમાં લેવાતા વાહનો અને સાધનોની વિગતો.

(ગ) તાબાના વિસ્તારની પશુ સંકરણ લેબોરેટરી, પશુપાલન કેન્દ્રો, પશુ રસીકરણ કેન્દ્રો, પશુપાલન તાલીમ શાળાઓ વિગેરેની વિગત દર્શાવતા નકશા તથા આંકડાકીય માહિતી.

(ઘ) પશુપાલન અને પશુ ચિકિત્સાને લગતા તેમજ ખાસ કરીને મહત્વના પશુપાલન કેન્દ્રો, વેટરનરી કોલેજ કેમ્પસ, તાલીમ કેન્દ્રો ઈત્યાદિ સંવેદનશીલ સ્થળે આવશ્યક સુવિદ્યા પૂરી પાડવા માટેની વિગતો.

(ચ) પશુપાલન તેમજ પશુચિકિત્સાને લગતી આનુષાંગિક સુવિદ્યાઓ ખોરવાઈ જાય તેવા સંજોગોમાં મરામત / વૈકલ્પિક યોજનાનો એકશન પ્લાન.

(છ) નુકશાનની શકયતા ધરાવતી તાબાની કચેરીઓ અને અન્ય કેન્દ્રો, પેટા કેન્દ્રો ઈત્યાદિનું સમયાંતરે નિરીક્ષણ કરશે.

(જ) પશુઓને નુકશાન થાય તો સારવાર માટે જરૂરી દવાઓ, રસીનો સંગ્રહ જેવી આવશ્યક સુવિદ્યાઓ તેમજ ભૌતિક માલસામાનની સમયસર અને ઝડપી ઉપલબ્ધિ માટેની પેટા કાર્યયોજના.

(ઝ) બીન અસરગ્રસ્ત નજીકના જિલ્લામાંથી ટેકનીકલ–સેમી ટેકનીકલ–વહીવટી કર્મચારીઓ હંગામી ધોરણે ઉપલબ્ધ કરવા અંગેની કાર્યયોજના. તાલુકાની કચેરીઓના સ્ટાફ / વાહનોની વિગતો.

(ટ) તાલુકાના દરેક ગામના ઢોરની વિગતો, પશુ ઉપચાર માટેના સલામત સ્થળોની વિગતો, ઉપરાંત ડેરીઓ અને અન્ય ખાનગી ડોકટરો ધ્વારા પશુઓને અપાતી સારવાર અંગેની સુવિદ્યાઓ તથા વિગતો.

2. ઈમરજન્સીના સંજોગોમાં તાલુકા કંટ્રોલ રૂમ ખાતે સંકલન કરવા માટે પશુ ધન નિરીક્ષકથી નીચેના દરજ્જાના ન હોય તેવા કર્મચારીની નોડલ અધિકારીશ્રી તરીકે નિમણૂંક કરશે.

3. કાર્યક્ષેત્રમાં તાબાના સાધનો જેવા કે પશુઓને બાંધવા માટેની ઘોડી જેવા મોટા સાધનો તથા ફલડ લાઈટ, દોરડા, પાવડા, કોદાળી, હથોડા, ભાલા જેવા અણીદાર લાંબા હેન્ડલવાળા સળિયા, આર.સી.સી. કટર, કેબલ, તાર–વાયર, અગ્નિશામક સાધનો, લોખંડના તેમજ લાકડાના ખીલા, ડી–ડસ્ટીંગ સાધનો, જંતુનાશક દવાઓ ઈત્યાદિ મધ્યમ અને નાના સાધનો જે ઉપલબ્ધ હોય તે તમામ આપત્તિના સમયમાં ઉપયોગમાં લઈ શકાય તેવી ચાલુ હાલતમાં રહે તે અંગે ખાસ જવાબદારી સુપ્રત કરી જાળવણી અને નિભાવણી કરશે.

4. મુદ્દા–૧ (ઘ) માં દર્શાવેલા ઈમરજન્સી સેવાને લગત સ્થાનો, આપત્તિ દરમ્યાન ઉપયોગમાં લેવાતા/લઈ શકાય તેવા આશ્રય સ્થાનો–ઈમરજન્સી પશુ ચિકિત્સા કેન્દ્રો ઈત્યાદિ સ્થળોએ આવશ્યક સેવાઓ ખાસ કરીને પશુપાલન તેમજ પશુ ચિકિત્સાને લગતી બાબતો ખોરવાઈ ન જાય તેની સારસંભાળ લેશે.

5. આફતની શકયતાવાળા વિસ્તારોમાં નુકશાન થવાની શકયતાવાળી પશુપાલના વિભાગને લગતી જાહેર મિલકતોની યાદી તૈયાર કરી નુકશાન ઓછું થઈ શકે તે માટે આગોતરી કામગીરી કરશે.

**(બ) આફતની ચેતવણી મળતાં કરવાની થતી કામગીરી :–**

1. તાત્કાલિક તાલુકા કંટ્રોલ રૂમનો સંપર્ક કરી તેમની ફરજના ભાગરૂપે જે કામગીરી કરવાની થતી હોય તે કરવા મદદરૂપ થશે.

2. તાબાના તમામ કર્મચારીઓ પોતાના મુખ્ય મથકે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે નિશ્ચિત કરશે.

3. પશુપાલન ખાતાની તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજના હેઠળ કરવાની થતી કામગીરીના તાબાના અધિકારીઓ / કર્મચારીઓ માટે વહેંચણી કરી સ્થળ ઉપર જવા રવાના કરશે.

4. તાલુકાના લાયઝન અધિકારીશ્રીની સૂચનો મેળવતાં રહેશે અને તબકકાવાર આવશ્યકતાનુસાર જે કંઈ કાર્યવાહી કરવાની થતી હોય તે તાત્કાલિક હાથ ધરશે.

5. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ સંશાધનોની ઉપલબ્ધિ અંગે સંપર્ક કરી ખાત્રી કરી લેશે. તેમજ ઈમરજન્સીમાં તાત્કાલિક પ્રાપ્તિ થાય તે માટે આયોજન કરશે.

6. આફતને કારણે પશુઓને અસર થવાની શકયતા હોય કે જાન–માલની સલામતીખાતર સંભવિત રોગચાળાના નિયંત્રણ માટે લાયઝન અધિકારીશ્રી/મામલતદારશ્રી સાથે પરામર્શ સંકલન કરી નિર્ણય લઈ અમલ કરશે.

7. આફત સમયે કરવાની થતી તાત્કાલિક કામગીરી માટે વાહનોવાળા જૂથોની રચના કરી વિસ્તારો વહેંચી આપશે.

8. આફત સમયે કરવાની થતી તાત્કાલિક કામગીરી માટે માહિતીની આપ–લે માટે આવશ્યક જણાય તો હંગામી કંટ્રોલરૂમની સ્થાપના કરશે તથા નોડલ ઓફિસરની નિમણૂંક કરશે.

## (ક) આફત પછી કરવાની થતી કામગીરી :–

1. તાલુકાના લાયઝન અધિકારીના આદેશને અનુસરશે.

2. શોધ અને બચાવ કામગીરી માટે સોંપવામાં આવે તે ફરજ બજાવવા કાર્યરત રહેશે.

3. આપત્તિ વ્યવસ્થાપન માટે ઉપલબ્ધ સંશાધનો અને માનવશકિત જરૂરિયાત અનુસાર કામે લગાડશે.

4. સલામતીના કારણોસર દૂધ કલેકશન બંધ કરેલ હોય તે બાબતે સમીક્ષા કરી શકય હોય ત્યાં સત્વરે દૂધ કલેકશનની કામગીરી પુનઃસ્થાપિત કરશે.

5. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ એકશન પ્લાન અમીલમાં મુકી વ્યૂહાત્મક સ્થળો સહિતના અગ્રીમતા ધરાવતા નુકશાનની શકયતાવાળા વિસ્તારોમાં પશુઓના મરણ થયાનું માલુમ પડેલ હોય તો વિશેષ કાર્યદળોને ટૂકડીઓને જરૂરી સાધન–સામગ્રી સાથે મોકલી પશુઓના મૃતદેહોનો સમયસર નિકાલ કરી, જન જીવન પુનઃસ્થાપિત થાય તે માટે ઝડપી, સમયસર અને પરિણામલક્ષી કામગીરી કરશે. તેમજ ઈજાગ્રસ્ત પશુઓની સારવાર અંગેની વ્યવસ્થા કરશે.

6. પશુ વિષયક પ્રવૃત્તિ પુનઃસ્થાપિત કરવા વધારે માલસામાન–સાધનો, વાહનો, માનવસંપદાની–ટેકનીકલ કર્મચારીઓની જરૂર જણાય તો  તુરત જ રાજય કક્ષાની નિયામક કચેરી અથવા જીલ્લા પંચાયત અથવા મધ્યસ્થ કંટ્રોલરૂમનો સંપર્ક કરી મદદ મોકલવા જાણ કરશે.

# [૧૧] મેનેજર (એસ.ટી.ડેપો)

## (અ) આફત પહેલાં કરવાની થતી કામગીરી :–

1. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનાના ભાગરૂપે વાહનવ્યવહાર વિભાગને લગતો પોતાના કાર્યક્ષેત્ર–તાલુકાને લગતો અલાયદો આપત્તિ વ્યવસ્થાપન પ્લાન તૈયાર કરશે. જેમાં ઉપલબ્ધ તથા ઉપલબ્ધ થઈ શકે તેવા સંશાધનોની વિગતોનો સમાવેશ કરશે. જેમ કે..

   (ક) તાબાના તમામ સ્ટાફના સંપર્કની વિગતો. ડેપોના નિયંત્રણમાં રહેતી બસો ડ્રાઈવર, કંડકટરર્સ, મીકેનીકસ, તથા સુપરવાઈઝર સ્ટાફની વિગતો.

   (ખ) દિવસ–રાતના કોઈ પણ સમયે તાલુકાના વિસ્તારોમાં બસોના લોકેશનની માહિતીની વિગતો.

   (ગ) ઈમરજન્સી કામગીરી માટે બસોના ઈંધનની વ્યવસ્થાની વિગતો.

   (ઘ) આફત સમયે કરવાની થતી તથા ન કરવાની કામગીરી બાબતોની તમામ જાણકારી અને પ્રાથમિકતાઓની વિગતો સ્ટાફને આપવી.

   (ચ) આફતગ્રસ્ત વિસ્તારોમાં લોકોના સ્થળાંતર માટે જરૂરી વધારાની બસોનું વ્યવસ્થાતંત્ર.

   (છ) તાબાના મકાનો, વાહનો તથા સાધનોની વિગતો તેમજ કોન્ટ્રાકટરો અને તેમની મારફતે અવારનવાર ઉપયોગોમાં લેવાતા વાહનો અને સાધનોની વિગતો.

   (જ) તાબાના વિસ્તારના એસ.ટી.ડેપો, પીક–અપ સ્ટેન્ડ, કંટ્રોલ પોઈન્ટ, એસ.ટી. ગેરેજ, તથા મહત્વની રૂટ તેમજ આવા તમામ સ્થળોએ ઉપલબ્ધ સંદેશા વ્યવહારના સાધનો – ટેલીફોન લાઈનો, ટેલેક્ષ લાઈનો, મેગાફોન, એમ્પ્લીફાયર વિગેરેની વિગત દર્શાવતા નકશા તથા આંકડાકીય માહિતી.

   (ઝ) ટેલીફોન સુવિદ્યાને લગતા તેમજ ખાસ કરીને મહત્વના ટેલીફોન જેવા કે પાણી પૂરવઠા યોજનાઓ, કંટ્રોલ રૂમ, હોસ્પિટલો, ડ્રેનેજ યોજનાઓ, રેલ્વે સ્ટેશન્સ, બસ ડેપો, વ્યૂહાત્મક સ્થળો, બંદરો, આર્મી–એરફોર્સ–નેવી કેમ્પસ જેવા સંવેદનશીલ સ્થળો વીજવિતરણના વ્યૂહાત્મક કેન્દ્રો, બંદરો, દિવાદાંડી, મહત્વના ઔદ્યોગિક એકમો ઈત્યાદિને બસ વાહન વ્યવહારથી સાંકળી લીધેલ હોય તો તેવી સુવિદ્યા અથવા તો ઈમરજન્સીમાં વાહન વ્યવહારની સુવિદ્યા પૂરી પાડવા માટેની વિગતો.

   (ચ) વાહન વ્યવહાર માર્ગ ખોરવાઈ જાય તેવા સંજોગોમાં મરામત / વૈકલ્પિક યોજનાનો એકશન પ્લાન તથા વૈકલ્પિક રસ્તાઓ અને ટ્રાન્સપોર્ટેશનની જોગવાઈ દર્શાવતો પ્લાન.

   (છ) નુકશાનની શકયતા ધરાવતા એસ.ટી.ડેપો, પીક–અપ સ્ટેન્ડ, ગેરેજ, કંટ્રોલ પોઈન્ટ ઈત્યાદિનું સમયાંતરે નિરીક્ષણ કરશે.

(જ) નુકશાન ખાસ કરીને એસ.ટી.બસો તથા પાર્સલ વાનને થાય તો આવી સુવિદ્યાના પુનઃસ્થાપન માટે આવશ્યક ભૌતિક માલસામાનની સમયસર અને ઝડપી ઉપલબ્ધિ માટેની પેટા કાર્યયોજના.

(ઝ) બીન અસરયુકત નજીકના જિલ્લામાંથી ટેકનીકલ કર્મચારીઓ હંગામી ધોરણે ઉપલબ્ધ કરવા અંગેની કાર્યયોજના. તાલુકાની કચેરીઓના સ્ટાફ / વાહનોની વિગતો.

(ટ) ઈમરજન્સી દરમ્યાન ડિઝલ ઈત્યાદિ બળતણ – ઈંધણનો જથ્થો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ રહે તે માટેની ગોઠવણ.

2. ઈમરજન્સીના સંજોગોમાં તાલુકા કંટ્રોલ રૂમ ખાતે સંકલન કરવા માટે ટ્રાફિક ઈન્સ્પેકટરથી નીચેના દરજજાના ન હોય તેવા કર્મચારીની નિમણૂંક કરશે.

3. કાર્યક્ષેત્રમાં તાબાના સાધનો જેવા કે ક્રેઈન, ડીઝલ જનરેટર્સ, કટર્સ, ટ્રી–કટર્સ જેવા મોટા સાધનો તથા ફલડ લાઈટ, નીસરણી, દોરડા, પાવડા, કોદાળી, વપરાયેલા ટાયર તથા ફ્રેશ ટાયર, હથોડા, આર.સી.સી. કટર, કેબલ, તાર–વાયર, અગ્નિશામક સાધનો, ડી–ડસ્ટીંગ સાધનો ઈત્યાદિ મઘ્યમ અને નાના સાધનો જે ઉપલબ્ધ હોય તે તમામ આપત્તિના સમયમાં ઉપયોગમાં લઈ શકાય તેવી ચાલુ હાલતમાં રહે તે અંગે ખાસ જવાબદારી સુપ્રત કરી જાળવણી અને નિભાવણી કરશે.

4. મુદ્દા–૧ (ઘ) માં દર્શાવેલા ઈમરજન્સી સેવાને લગત સ્થાનો, આપત્તિ દરમ્યાન ઉપયોગમાં લેવાતા/લઈ શકાય તેવા આશ્રય સ્થાનો–ઈમરજન્સી હોસ્પિટલો ઈત્યાદિ સ્થળોએ વાહન વ્યવહાર ખોરવાઈ ન જાય તેની સારસંભાળ લેશે.

5. આફતની શકયતાવાળા વિસ્તારોમાં નુકશાન થવાની શકયતાવાળી વાહન વ્યવહાર વિભાગને લગતી જાહેર મિલકતોની યાદી તૈયાર કરી નુકશાન ઓછું થઈ શકે તે માટે આગોતરી કામગીરી કરશે.

**(બ) આફતની ચેતવણી મળતાં કરવાની થતી કામગીરી :–**

1. મુખ્ય બસ સ્ટેશનમાં કંટ્રોલ રૂમ અને માહિતી કેન્દ્રની સ્થાપના.

2. તાત્કાલિક તાલુકા કંટ્રોલ રૂમનો સંપર્ક કરી તેમની ફરજના ભાગરૂપે જે કામગીરી કરવાની થતી હોય તે કરવા મદદરૂપ થશે.

3. તાબાના તમામ કર્મચારીઓ પોતાના મુખ્ય મથકે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે નિશ્ચિત કરશે.

4. વાહન વ્યવહાર ખાતાની તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજના હેઠળ કરવાની થતી કામગીરીના તાબાના અધિકારીઓ / કર્મચારીઓ માટે વહેંચણી કરી સ્થળ ઉપર જવા રવાના કરશે.

5. તાલુકાના લાયઝન અધિકારીશ્રીની સૂચનો મેળવતાં રહેશે અને તબકકાવાર આવશ્યકતાનુસાર જે કંઈ કાર્યવાહી કરવાની થતી હોય તે તાત્કાલિક હાથ ધરશે. ખાસ કરીને વાવાઝોડા, પુર, જેવી આફતોની આખરી

ચેતવણીના સંજોગોમાં એસ.ટી.ડેપોમાંથી પેસેન્જર બસો બહાર ન નીકળે તે માટે રક્ષણાત્મક પગલાં લઈ મુસાફરોની સલામતી જોખમાય નહી તે માટે પરિણામલક્ષી કામગીરી કરશે.

6. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ સંશાધનોની ઉપલબ્ધિ અંગે સંપર્ક કરી ખાત્રી કરી લેશે. તેમજ ઈમરજન્સીમાં તાત્કાલિક પ્રાપ્તિ થાય તે માટે આયોજન કરશે.

7. આફતને કારણે ભંગાણ સર્જાવાની/જાન–માલને નુકશાન થવાની શકયતા હોય તો જાન–માલની સલામતીખાતર વાહન વ્યવહાર બંધ કરવા લાયઝન અધિકારીશ્રી/મામલતદારશ્રી સાથે પરામર્શ સંકલન કરી નિર્ણય લઈ અમલ કરશે.

8. આફત સમયે કરવાની થતી તાત્કાલિક કામગીરી માટે વાહનોવાળા જૂથોની રચના કરી વિસ્તારો વહેંચી આપશે.

9. આફત સમયે કરવાની થતી તાત્કાલિક કામગીરી માટે માહિતીની આપ–લે માટે હંગામી કંટ્રોલરૂમની સ્થાપના કરશે તથા નોડલ ઓફિસરની નિમણૂંક કરશે.

10. આફતનો ભોગ થવાની શકયતા હોય તેવા વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવા માટે રાજય વહીવટી તંત્રને પૂરતા પ્રમાણમાં એસ.ટી.બસ ઉપલબ્ધ કરશે.

11. ચેતવણી અંગેની જાણકારી ચાલુ રૂટના ડ્રાઈવર–કંડકટરના માધ્યમથી અંતરીયાળ અ ને છેવાડાના ગામો, વિસ્તારો સુધી પહોંચાડવા માટે વહીવટી તંત્રને મદદરૂપ થશે.

**(ક) <u>આફત પછી કરવાની થતી કામગીરી :–</u>**

1. તાલુકાના લાયઝન અધિકારીના આદેશને અનુસરશે.

2. શોધ અને બચાવ કામગીરી માટે સોંપવામાં આવે તે ફરજ બજાવવા કાર્યરત રહેશે.

3. આપત્તિ વ્યવસ્થાપન માટે ઉપલબ્ધ સંશાધનો અને માનવશકિત જરૂરિયાત અનુસાર કામે લગાડશે.

4. સલામતીના કારણોસર બસ વાહન વ્યવહાર બંધ કરેલ હોય તે બાબતે સમીક્ષા કરી શકય હોય ત્યાં સત્વરે બસ સેવા– વાહન વ્યવહાર પુનઃસ્થાપિત કરશે.

5. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ એકશન પ્લાન અમીલમાં મુકી વ્યૂહાત્મક સ્થળો સહિતના અગ્રીમતા ધરવાતા વિસ્તારોમાં વાહન વ્યવહારમાં ભંગાણ સર્જાયુ હોય તો વિશેષ કાર્યદળોને ટૂકડીઓને જરૂરી સાધન–સામગ્રી સાથે મોકલી વાહન વ્યવહાર ઝડપથી પુનઃસ્થાપિત થાય તે માટે ઝડપી, સમયસર અને પરિણામલક્ષી કામગીરી કરશે.

6. વાહન વ્યવહાર પુનઃસ્થાપિત કરવા વધારે માલસામાન—સાધનો, વાહનો, માનવસંપદાની— ટેકનીકલ કર્મચારીઓની જરૂર જણાય તો તુરત જ સર્કલ કચેરી અથવા મધ્યસ્થ કંટ્રોલરૂમનો સંપર્ક કરી મદદ મોકલવા જાણ કરશે.

7. આપત્તિ વ્યવસ્થાપન માટે તાબાના કર્મચારીઓ—સંશાધનો ઉપરાંત બહારથી જે કંઈ વિશેષ મદદ ઉપલબ્ધ થાય તેનો આયોજનપૂર્વક ઉપયોગ કરશે.

8. આફતગ્રસ્ત વિસ્તારમાં પોતાના કાર્યક્ષેત્રને લગતી નુકશાનીનો પ્રાથમિક સર્વે કરી તાલુકા/જિલ્લા કંટ્રોલરૂમને તથા પોતાના વહીવટી વડાને જાણ કરશે.

9. તાલુકાના કંટ્રોલરૂમ, હોસ્પિટલો, આશ્રયસ્થાનો, બંદરો, બસડેપો વગેરે સ્થળોએ હંગામી વાહન વ્યવહાર સુવિધા પૂરી પાડશે.

10. ઈમરજન્સી રીપેર માટે એકશન પ્લાન મુજબ તાત્કાલિક કામગીરી હાથ ધરશે.

11. નુકશાન પામેલ રસ્તાઓની વિગતો એકઠી કરી જે તે સક્ષમ સત્તાધિકારી સાથે સંકલન કરી માર્ગો રીપેર કરાવી બસ વાહન વ્યવહાર પુનઃ શરૂ કરશે.

# [૧૨] બંદર અધિકારી

## (અ) આફત પહેલાં કરવાની થતી કામગીરી :–

1. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનાના ભાગરૂપે બંદર વિભાગને લગતો પોતાના કાર્યક્ષેત્ર–તાલુકાને લગતો અલાયદો આપત્તિ વ્યવસ્થાપન પ્લાન તૈયાર કરશે. જેમાં ઉપલબ્ધ તથા ઉપલબ્ધ થઈ શકે તેવા સંશાધનોની વિગતોનો સમાવેશ કરશે. જેમ કે..

(ક) તાબાના તમામ સ્ટાફના સંપર્કની વિગતો. પોર્ટના નિયંત્રણમાં રહેતા બંદર કામદારો, સલામતી રક્ષકો, મીકેનીકસ, તથા સુપરવાઈઝર સ્ટાફની વિગતો.

(ખ) દિવસ–રાતના કોઈ પણ સમયે ચાલુ રહેતા તાલુકાના બંદરો – જેટીઓના લોકેશનની માહિતી.

(ગ) ઈમરજન્સી કામગીરી માટે જહાજ–યાંત્રિક હોડીઓ માટે ઈંધનની વ્યવસ્થાની વિગતો.

(ઘ) આફત સમયે કરવાની થતી તથા ન કરવાની કામગીરી બાબતોની તમામ જાણકારી અને પ્રાથમિકતાઓની વિગતો સ્ટાફને આપવી.

(ચ) આફતગ્રસ્ત વિસ્તારોમાં લોકોના સ્થળાંતર માટેનું વ્યવસ્થાતંત્ર.

(છ) તાબાના મકાનો, વાહનો તથા સાધનોની વિગતો તેમજ કોન્ટ્રાકટરો અને તેમની મારફતે અવારનવાર ઉપયોગોમાં લેવાતા વાહનો અને સાધનોની વિગતો.

(જ) તાબાના વિસ્તારના બંદરો, જેટીઓ, દિવાદાંડીઓ, સિગ્નલો, તથા મહત્વના રૂટ તેમજ આવા તમામ સ્થળોએ ઉપલબ્ધ સંદેશા વ્યવહારના સાધનો – ટેલીફોન લાઈનો, ટેલેક્ષ લાઈનો, મેગાફોન, એમ્પ્લીફાયર, વાયરલેસ, ચેતવણી માટેના ખાસ નિશાનીવાળા સાધનો વિગેરેની વિગત દર્શાવતા નકશા તથા આંકડાકીય માહિતી.

(ઝ) ટેલીફોન સુવિદ્યાને લગતા તેમજ ખાસ કરીને મહત્વના ટેલીફોન જેવા કે પાણી પૂરવઠા યોજનાઓ, કંટ્રોલ રૂમ, હોસ્પિટલો, ડ્રેનેજ યોજનાઓ, રેલ્વે સ્ટેશન્સ, બસ ડેપો, વ્યૂહાત્મક સ્થળો, બંદરો, આર્મી–એરફોર્સ–નેવી કેમ્પસ જેવા સંવેદનશીલ સ્થળો વીજવિતરણના વ્યૂહાત્મક કેન્દ્રો, બંદરો, દિવાદાંડી, મહત્વના ઔદ્યોગિક એકમો ઈત્યાદિનો સંપર્ક કરવા માટેની ગોઠવણની વિગતો.

(ચ) આફતના સંજોગોમાં મરામત / વૈકલ્પિક યોજનાનો એકશન પ્લાન તથા વૈકલ્પિક રસ્તાઓ અને ટ્રાન્સપોર્ટેશનની જોગવાઈ દર્શાવતો પ્લાન.

(છ) નુકશાનની શકયતા ધરાવતા બંદર, જેટી, દિવાદાંડી, સિગ્નલ, પીક–અપ સ્ટેન્ડ, ગેરેજ, કંટ્રોલ પોઈન્ટ ઈત્યાદિનું સમયાંતરે નિરીક્ષણ કરશે.

(જ) નુકશાન ખાસ કરીને બંદરો ઉપર માલસામાનની હેરફેર બંધ થઈ જાય તો આવી સુવિદ્યાના પુનઃસ્થાપન માટે આવશ્યક ભૌતિક માલસામાનની સમયસર અને ઝડપી ઉપલબ્ધિ માટેની પેટા કાર્યયોજના.

(ઝ) બીન અસરયુકત નજીકના જિલ્લામાંથી ટેકનીકલ કર્મચારીઓ હંગામી ધોરણે ઉપલબ્ધ કરવા અંગેની કાર્યયોજના. તાલુકાની કચેરીઓના સ્ટાફ / વાહનોની વિગતો તથા તરવૈયાઓની વિગતો.

(ટ) ઈમરજન્સી દરમ્યાન ડિઝલ ઈત્યાદિ બળતણ – ઈંધણનો જથ્થો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ રહે તે માટેની ગોઠવણ.

2. ઈમરજન્સીના સંજોગોમાં તાલુકા કંટ્રોલ રૂમ ખાતે સંકલન કરવા માટે ટ્રાફિક ઈન્સ્પેકટરથી નીચેના દરજ્જાના ન હોય તેવા કર્મચારીની નિમણૂંક કરશે.

3. કાર્યક્ષેત્રમાં તાબાના સાધનો જેવા કે ક્રેઈન, ડી–વોટરીંગ પંપ, હોડીઓ, યાંત્રિક હોડીઓ, મધ્યમ કક્ષાના જહાજ, ગેસ કટર્સ, હુક, લાઈફ જેકેટ, ડીઝલ જનરેટર્સ, કટર્સ, ટ્રી–કટર્સ જેવા મોટા સાધનો તથા ફલડ લાઈટ, નીસરણી, દોરડા, પાવડા, કોદાળી, વપરાયેલા ટાયર તથા ફ્રેશ ટાયર, હથોડા, આર.સી.સી. કટર, કેબલ, તાર–વાયર, અગ્નિશામક સાધનો, ડી–ડસ્ટીંગ સાધનો ઈત્યાદિ મધ્યમ અને નાના સાધનો જે ઉપલબ્ધ હોય તે તમામ આપત્તિના સમયમાં ઉપયોગમાં લઈ શકાય તેવી ચાલુ હાલતમાં રહે તે અંગે ખાસ જવાબદારી સુપ્રત કરી જાળવણી અને નિભાવણી કરશે.

4. મુદૃા–૧ (જ) માં દર્શાવેલા ઈમરજન્સી સેવાને લગત સ્થાનો, આપત્તિ દરમ્યાન ઉપયોગમાં લેવાતા/લઈ શકાય તેવા આશ્રય સ્થાનો–ઈમરજન્સી હોસ્પિટલો ઈત્યાદિ સ્થળોએ સંપર્ક ખોરવાઈ ન જાય તેની સારસંભાળ લેશે.

5. આફતની શકયતાવાળા વિસ્તારોમાં નુકશાન થવાની શકયતાવાળી બંદર વિભાગને લગતી જાહેર મિલકતોની યાદી તૈયાર કરી નુકશાન ઓછું થઈ શકે તે માટે આગોતરી કામગીરી કરશે.

**(બ) આફતની ચેતવણી મળતાં કરવાની થતી કામગીરી :–**

1. પોર્ટ ઉપર કંટ્રોલ રૂમ અને માહિતી કેન્દ્રની સ્થાપના.

2. તાત્કાલિક તાલુકા કંટ્રોલ રૂમનો સંપર્ક કરી તેમની ફરજના ભાગરૂપે જે કામગીરી કરવાની થતી હોય તે કરવા મદદરૂપ થશે.

3. તાબાના તમામ કર્મચારીઓ પોતાના મુખ્ય મથકે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે નિશ્ચિત કરશે.

4. બંદર ખાતાની તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજના હેઠળ કરવાની થતી કામગીરીના તાબાના અધિકારીઓ / કર્મચારીઓ માટે વહેંચણી કરી સ્થળ ઉપર જવા રવાના કરશે.

5. તાલુકાના લાયઝન અધિકારીશ્રીની સૂચનો મેળવતાં રહેશે અને તબકકાવાર આવશ્યકતાનુસાર જે કંઈ કાર્યવાહી કરવાની થતી હોય તે તાત્કાલિક હાથ ધરશે. ખાસ કરીને વાવાઝોડા, પુર, જેવી આફતોની આખરી ચેતવણીના સંજોગોમાં બંદર ઉપરના કામદારો તથા પ્રવાસીઓ વિગેરે બહાર ન નીકળે તેમજ માછીમાર ભાઈઓ માછીમારી માટે દરિયા ખેડવાનું બંધ કરે તે માટે રક્ષણાત્મક પગલાં લઈ કામદારો, માછીમારો તથા મુસાફરોની સલામતી જોખમાય નહી તે માટે પરિણામલક્ષી કામગીરી કરશે.

6. માછીમારો અને અગરીયાઓ સલામત સ્થળે ખસી જાય તે માટે સ્થળાંતર પ્લાન મુજબ જરૂર જણાય તો બળજબરીપૂર્વક ખસેડવા માટે વહીવટી તંત્રને સાનુકૂળ મદદ કરશે.

7. ચેતવણીના સિગ્નલો સમયસર અને તુરત જ દર્શાવવામાં આવે તે નિશ્ચિત કરશે.

8. નેવી કોસ્ટ ગાર્ડ સાથે સંકલન કરી શોધ, બચાવ અને રાહતકામગીરી માટે આયોજનપૂર્વક કાર્ય કરશે.

9. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ સંશાધનોની ઉપલબ્ધિ અંગે સંપર્ક કરી ખાત્રી કરી લેશે. તેમજ ઈમરજન્સીમાં તાત્કાલિક પ્રાપ્તિ થાય તે માટે આયોજન કરશે.

10. આફતને કારણે ભંગાણ સર્જાવાની/જાન–માલને નુકશાન થવાની શકયતા હોય તો જાન–માલની સલામતીખાતર દરિયા ખેડવાનું તેમજ બંદર બંધ કરવા લાયઝન અધિકારીશ્રી/મામલતદારશ્રી સાથે પરામર્શ સંકલન કરી નિર્ણય લઈ અમલ કરશે.

11. આફત સમયે કરવાની થતી તાત્કાલિક કામગીરી માટે વાહનોવાળા જૂથોની રચના કરી વિસ્તારો વહેંચી આપશે.

12. આફત સમયે કરવાની થતી તાત્કાલિક કામગીરી માટે માહિતીની આપ–લે માટે હંગામી કંટ્રોલરૂમની સ્થાપના કરશે તથા નોડલ ઓફિસરની નિમણૂંક કરશે.

13. આફતનો ભોગ થવાની શકયતા હોય તેવા વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવા માટે રાજય વહીવટી તંત્ર સાથે સંકલન કરી પૂરતા પ્રમાણમાં એસ.ટી.બસ ઉપલબ્ધ કરશે.

14. ચેતવણી અંગેની જાણકારી ચાલુ રૂટના પોર્ટ સ્ટાફના માધ્યમથી અંતરીયાળ અને દરિયાકાંઠાના વિસ્તારો, ગામો સુધી પહોંચાડવા માટે વહીવટી તંત્રને મદદરૂપ થશે.

**(ક) આફત પછી કરવાની થતી કામગીરી :–**

1. તાલુકાના લાયઝન અધિકારીના આદેશને અનુસરશે.

2. શોધ અને બચાવ કામગીરી માટે સોંપવામાં આવે તે ફરજ બજાવવા કાર્યરત રહેશે.

3. આપત્તિ વ્યવસ્થાપન માટે ઉપલબ્ધ સંશાધનો અને માનવશકિત જરૂરિયાત અનુસાર કામે લગાડશે.

4. સલામતીના કારણોસર પોર્ટ બંધ કરેલ હોય તે બાબતે સમીક્ષા કરી શકય હોય ત્યાં સત્વરે બંદરની પ્રવૃત્તિઓ પુનઃસ્થાપિત કરશે.

5. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ એકશન પ્લાન અમીલમાં મુકી વ્યૂહાત્મક સ્થળો સહિતના અગ્રીમતા ધરવતા વિસ્તારો સંપર્ક વિહોણા થઈ ગયા હોય તો વિશેષ કાર્યદળોને ટૂકડીઓને જરૂરી સાધન–સામગ્રી સાથે મોકલી ઝડપથી પૂર્વવત સ્થિતિ સ્થપાય તે માટે ઝડપી, સમયસર અને પરિણામલક્ષી કામગીરી કરશે.

6. બંદરની પ્રવૃત્તિઓ પુનઃસ્થાપિત કરવા વધારે માલસામાન–સાધનો, વાહનો, માનવસંપદાની– ટેકનીકલ કર્મચારીઓની જરૂર જણાય તો તુરત જ સર્કલ કચેરી અથવા મધ્યસ્થ કંટ્રોલરૂમનો સંપર્ક કરી મદદ મોકલવા જાણ કરશે.

7. આપત્તિ વ્યવસ્થાપન માટે તાબાના કર્મચારીઓ–સંશાધનો ઉપરાંત બહારથી જે કંઈ વિશેષ મદદ ઉપલબ્ધ થાય તેનો આયોજનપૂર્વક ઉપયોગ કરશે.

8. આફતગ્રસ્ત વિસ્તારમાં પોતાના કાર્યક્ષેત્રને લગતી નુકશાનીનો પ્રાથમિક સર્વે કરી તાલુકા/જિલ્લા કંટ્રોલરૂમને તથા પોતાના વહીવટી વડાને જાણ કરશે.

9. તાલુકાના કંટ્રોલરૂમ, હોસ્પિટલો, આશ્રયસ્થાનો, બંદરો, બસડેપો વગેરે સ્થળોએ આવશ્યક સુવિદ્યા પૂરી પાડવામાં વહીવટી તંત્રને મદદરૂપ થશે.

10. ઈમરજન્સી રીપેર માટે એકશન પ્લાન મુજબ તાત્કાલિક કામગીરી હાથ ધરશે.

11. નુકશાન પામેલ બંદરો, જેટીઓ, દિવાદાંડીઓ, તથા બંદરને જોડતા રસ્તાઓની વિગતો એકઠી કરી જે તે સક્ષમ સત્તાધિકારી સાથે સંકલન કરી આવશ્યક મરામત કરાવી આર્થિક પ્રવૃત્તિ અને જનજીવન પૂર્વવત કરવા પ્રયત્નશીલ રહેશે.

## [૧૩] જંગલ અધિકારી (રેન્જ ફોરેસ્ટ ઓફીસર)

**(અ) આફત સિવાયના / શાંતિના સમયમાં કરવાની થતી કામગીરી :–**

5. એક તાલુકામાં એક થી વધારે રેન્જ હોય તેવા સંજોગોમાં તાલુકાના હેડ કવાર્ટરના આર.એફ.ઓ. નોડલ ઓફીસર તરીકે આપત્તિ વ્યવસ્થાપનને લગતાં કામનું સંકલન કરશે. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનાના ભાગરૂપે વન વિભાગનો પોતાના કાર્યક્ષેત્રનો તેમજ તાલુકામાં સંકલિત અલાયદો પ્લાન તથા સંશાધનોની વિગતો તૈયાર કરશે. જેમાં **નીચેની બાબતનો સમાવેશ** થાય તે જોશે.

(ક) તાલુકાના તાબા હેઠળના તમામ સ્ટાફના સંપર્કની વિગતો.

(ખ) તાલુકાના તાબા હેઠળના મકાનો, વાહનો તથા સાધનોની વિગતો તથા કોન્ટ્રાકટરો અને તેમના ધ્વારા ઉપયોગમાં લેવાતા વાહનો અને સાધનોની વિગતો.

(ગ) તાલુકાના તાબા હેઠળના વિસ્તારોના નકશાઓ અને આંકડાકીય માહિતી.

(ઘ) તમામ ગામોના વન વિભાગ હસ્તકના એપ્રોચ અને અન્ય રસ્તાઓની પરિસ્થિતિ તથા રસ્તાઓ પરના પુલ, બેઠા પુલ, રેલ્વે ક્રોસીંગ, તથા અન્ય વિગતો.

(ચ) ઈમરજન્સી રીપેર માટે એકશન પ્લાન.

(છ) નુકસાનની શકયતા ધરાવતાં વન વિભાગ હસ્તકના રસ્તાઓ, પુલો, ચેકડેમ, નાળા, કોઝ–વે માટે નિરીક્ષણની વ્યવસ્થા.

(જ) તાબાના વન વિભાગના બાંધકામો, રહેઠાણો, ઉંચી ઈમારતોનું સમયાંતરે નિરિક્ષણ કરશે.

૨. તાલુકા કચેરીમાં કંટ્રોલરૂમ ખાતે ઈમરજન્સીના સંજોગોમાં સંકલન કરવા માટે આર.એફ.ઓ.થી નીચેના દરજ્જાના ન હોય તેવા કર્મચારીની નિમણૂંક જીલ્લા વન અધિકારીશ્રીના હુકમ મેળવીને કરશે.

૩. કાર્યક્ષેત્રમાં તાબાના સાધનો જેવા કે બુલડોઝર, ટ્રેકટર, વોટર ટેન્કર, ડમ્પર, જે.સી.બી. મશીન, ડી–વોટરીંગ પંપ, જનરેટર, કટર, ટ્રી–કટર, જેવા મોટા સાધનો તેમજ નિસરણી, વાંસ, ટોર્ચ, દોરડા, ફલડ લાઈટ, પાવડા, કોદાળી, હથોડા, આર.સી.સી. કટર, જેવા મધ્યમ અને નાના સાધનો જે ઉપલબ્ધ હોય તે તમામ ઈમરજન્સીમાં ઉપયોગમાં લઈ શકાય તેવી ચાલુ હાલતમાં રહે તે અંગે જાળવણી અને નિભાવણી કરશે.

૪. જંગલ વિસ્તારમાં આવેલા જાહેર સલામત આશ્રય સ્થાનો, તેમજ સ્થળાંતરના સંજોગોમાં ઉપયોગમાં લઈ શકાય તેવા સંશોધિત આશ્રય સ્થાનોમાં પ્રાથમિક આવશ્યકતાઓ જેવી કે પાણી, ગટર, સંડાસની સારસંભાળ લે શે.

૫. આફતની શકયતાવાળા જંગલના વિસ્તારોમાં નુકસાન થઈ શકે તેવી જાહેર મિલ્કતોની યાદી તૈયાર કરવી. નુકસાન ઓછું થઈ શકે તે માટે આગોતરી કામગીરી કરશે.

## (બ) આફતની ચેતવણી મળતાં કરવાની થતી કામગીરી :–

૧. તાત્કાલિક તાલુકા કંટ્રોલ રૂમનો સંપર્ક કરી જે કંઈ જરૂરીયાત હોય તે પૂરી પાડવા મદદરૂપ થશે.

૨. તાબાના તમામ કર્મચારીઓ પોતાના મુખ્ય મથકે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે નિશ્ચિત કરશે.

૩. વન વિભાગની તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજના હેઠળ કરવાની થતી કામગીરીની તાબાના કર્મચારીઓ / અધિકારીઓ વચ્ચે વહેંચણી કરી રવાના કરશે.

૪. તાલુકાના લાયઝન અધિકારીશ્રીની સૂચનાઓ મેળવીને આપત્તિ વ્યવસ્થાપન માટે વન વિભાગ ધ્વારા જે કંઈ કાર્યવાહી કરવાની થાય તે તાત્કાલિક હાથ ધરશે.

૫. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં સમાવિષ્ટ સંશાધનોની ઉપલબ્ધિ અંગે સંપર્ક કરી ખાત્રી કરી લે શે. તેમજ ઈમરજન્સીમાં તાત્કાલિક પ્રાપ્તિ થાય તે માટે આયોજન કરશે.

૬. આફતની ચેતવણીની આગોતરી જાણકારી માટે ઉપલબ્ધ વાયરલેસ સુવિદ્યા, ટેલીફોન સુવિદ્યા, ઉપરાંત માનવશકિત ખાસ કરીને બીટ ગાર્ડ અને ફોરેસ્ટ ગાર્ડનો ઉપયોગ કરી નુકસાન થવાની શકયતાવાળા વિસ્તારો અને વસતિને સચેત કરવા માટે તાલુકા વહીવટી તંત્રની સાથે તાલમેલ કરી અગ્રીમ ભૂમિકા ભજવશે.

૭. આફતના સંજોગોની ધારણા ધ્યાને લઈ બળતણ માટેનું લાકડું તથા વાંસનો જથ્થો ઉપલબ્ધ હોય તે તાત્કાલિક આવશ્યકતા ધરાવતા વિસ્તાર તરફ મોકલવાની ગોઠવણ કરી રાખશે.

## (ક) આફત પછી કરવાની થતી કામગીરી :–

૧. તાલુકાના લાયઝન અધિકારીના આદેશને અનુસરશે.

૨. શોધ અને બચાવ કામગીરી માટે પોતાની ફરજ બજાવવા સતત કાર્યરત રહેશે.

૩. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન માટે ઉપલબ્ધ સંશાધનો અને માનવશકિતને કામે લગાડશે.

૪. તાલુકા આપત્તિ વ્યવસ્થાપન યોજનાની જોગવાઈઓ મુજબ અમલીકરણ કરશે.

૫. નુકસાન સર્વેની કામગીરી માટે તાલુકા વહીવટી તંત્રને તાંત્રિક જાણકારી ધરાવતા કર્મચારીઓ/અધિકારીઓની સેવાઓ પૂરી પાડશે.

૬. આફત ગ્રસ્ત વિસ્તારનો નુકસાની અંગેનો પ્રાથમિક અહેવાલ તૈયાર કરશે

૭. જંગલ વિસ્તારમાં કામચલાઉ આશ્રયસ્થાનોમાં લાઈટ, પાણી અને સંડાસની જરૂરીયાત સંતોષવા તાત્કાલિક કાર્યવાહી કરશે તેમજ કામચલાઉ આશ્રયસ્થાનોના એપ્રોચ રસ્તાઓની ચકાસણી કરી આવશ્યકતા જણાય તે મુજબ મરામત કરશે.

૮. જંગલ વિસ્તારના રસ્તા, પુલો, ચેકડેમ, કોઝ–વે, નાળા ઈત્યાદિ જાહેર મિલ્કતો નુકશાનગ્રસ્ત થયેલ હોય તો તાત્કાલિક મરામતની કાર્યવાહી હાથ ધરશે. અને વાહનવ્યવહારમાં વિક્ષેપ ન થાય તેની કાળજી લેશે.

૯. આફતને કારણે ઝાડ પડવાને કારણે રસ્તાઓ બંધ થઈ જાય તેવા સંજોગોમાં તાત્કાલિક તેવા સ્થળે વાહન અને ટ્રી–કટર, દોરડાં, ફલડ લાઈટ, જનરેટર ઈત્યાદિ સાધનો સાથેની ટુકડીઓ મોકલી રસ્તા ખુલ્લા કરાવવા અગ્રતાથી કામગીરી હાથ ધરશે.